dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 126 | AD - 2025, Maha Sud- 12 | Sunday, Dt.09-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કેજરીવાલ, મનિષ સિસોદીયા, સૌરભ ભારદ્વાજ સહિત આપના અનેક દિગ્ગજોની કારમી હાર

# દિલ્હીમાં ૨૭ વર્ષ બાદ કમળ ખીલ્યું : વિધાનસભામાં ભવ્ય જીત

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૮

દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પરિણામોમાં, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ અરવિંદ કેજરીવાલની પાર્ટીને હરાવી છે. ૨૦૧૨ના આંદોલનમાંથી ઉભરી આવેલી આમ આદમી પાર્ટી દિલ્હીમાં પહેલીવાર વિધાનસભા ચૂંટણી હારી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ચૂંટણી ભાષણોમાં કેજરીવાલની પાર્ટીને 'આપ-દા' તરીકે સંબોધિત કરી હતી. આમ આદમી પાર્ટી દિલ્હીના લોકો માટે ખતરો હોવાનું કહેવાય છે. હવે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ૨૭ વર્ષ પછી દિલ્હીમાં સત્તામાં પરત ફરી છે. દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકોમાંથી ભાજપને ૪૮ બેઠકો મળી છે. જયારે આપને ૨૨ બેઠકો મળી છે જયારે કોંગ્રેસ સતત ત્રીજીવાર પોતાનું ખાતુ ખોલાવી શકી નથી. કોંગ્રેસ મોટાભાગની બેઠકો પર ત્રીજા સ્થાને રહી અને આમ આદમી પાર્ટીને સીધું નુકસાન પહોંચાડ્યું.



ચૂંટણી પરિણામોમાં, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયા, દિલ્હી સરકારના ભૂતપૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈન અને સૌરભ ભારદ્વાજ સહિત શાસક પક્ષના ઘણા અન્ય અગ્રણી નેતાઓ ચૂંટણી હારી ગયા છે. મુખ્યમંત્રી આતિશી પહેલા પાછળ ચાલી રહ્યા હતા પરંતુ બાદમાં તેમનો વિજય થયો હતો. ભાજપના પરવેશ સાહિબ સિંહે નવી દિલ્હી વિધાનસભા બેઠક પરથી ૪૦૮૯ મતોથી ચૂંટણી જીતી હતી. તેમણે આપના અરવિંદ કેજરીવાલને હરાવ્યા છે. પરવેશને કુલ ૩૦૦૮૮ મત મળ્યા જયારે કેજરીવાલને ૨૫૯૯૯ મત મળ્યા હતા. કોંગ્રેસના સંદીપ દીક્ષિત ત્રીજા સ્થાને રહ્યા. તેમને ૪૫૬૮ મત મળ્યા હતા. સંદીપ દીક્ષિતે ટ્વીટ કરીને પોતાની શરમજનક હાર સ્વીકારી લીધી છે. કેજરીવાલે હાર સ્વીકારતો એક વીડિયો પણ જાહેર કર્યો છે. દિલ્હીમાં ૫ ફેબ્રુઆરીએ યોજાયેલી ચૂંટણીમાં, ૧.૫૫ કરોડ લાયક મતદારોમાંથી ૬૦.૫૪ ટકા લોકોએ મતદાન કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં ભાજપની જીતને વિકાસ અને સુશાસનની જીત ગણાવી છે. પીએમ મોદીએ કહ્યું કે માનવશક્તિ સર્વોચ્ચ છે. આ વિકાસ અને સુશાસનનો વિજય છે. દિલ્હીના મારા બધા ભાઈઓ અને બહેનોને ઐતિહાસિક વિજય અપાવવા બદલ મારા સલામ અને અભિનંદન. તમે મને આપેલા પુષ્કળ આશીર્વાદ અને પ્રેમ માટે હું તમારા બધાનો ખૂબ ખૂબ આભારી છું. પીએમ મોદીએ ટ્વીટ કર્યું કે તેમની પાર્ટીની સરકાર દિલ્હીના સર્વાંગી વિકાસ અને અહીંના લોકોનું જીવન વધુ સારું બનાવવા માટે કામ કરવાનું ચાલુ રાખશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે મને દરેક ભાજપ કાર્યકર્તા પર ગર્વ છે જેમણે ખૂબ જ મહેનત કરી છે અને આ અદ્ભુત પરિણામ સુધી પહોંચ્યા છે.




| પાર્ટી | જીત |
|---|---|
| » ભાજપ | 48(+40) |
| » આપ | 22(-40) |
| » કોંગ્રેસ | 0(0) |
| » અન્ય | 0(0) |

# દિલ્હીના લોકોએ આપત્તિ ટાળી : વડાપ્રધાન મોદી

### જીત બાદ દિલ્હીવાસીઓને મોદીનું સંબોધન : આજનો વિજય ઐતિહાસિક

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૮

દિલ્હી વિધાનસભા ચૂંટણી જીતીને, ભાજપે ૨૭ વર્ષનો દુષ્કાળ સમાપ્ત કર્યો છે. ચૂંટણીમાં ભારે બહુમતીથી જીત મેળવ્યા બાદ ભાજપના કાર્યકરોમાં ખુશીની લહેર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ વિજય ઉજવણીમાં જોડાઈ ગયા હતાં અને તેઓ કાર્યકરોને સંબોધવા માટે ભાજપ મુખ્યાલય પહોંચ્યા હતા. અહીં તેઓએ દિલ્હીના કાર્યકરો અને લોકોને જીત માટે અભિનંદન આપ્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે આજે દિલ્હીના લોકોમાં ઉત્સાહ અને શાંતિ છે. મેં દિલ્હીમાં દરેકને ભાજપને સેવા કરવાની તક આપવાની અપીલ કરી હતી. મોદીની ગેરંટી પર વિશ્વાસ કરવા બદલ હું દિલ્હીના દરેક પરિવારના સભ્યને સલામ કરું છું. દિલ્હીના લોકોએ દિલથી પ્રેમ આપ્યો. દિલ્હીના લોકોના આ પ્રેમ અને વિશ્વાસના અમે ઋણી છીએ. હવે દિલ્હીની ડબલ એન્જિન સરકાર ઝડપી વિકાસ દ્વારા આ ઋણ ચૂકવશે. આજનો ઐતિહાસિક વિજય કોઈ સામાન્ય વિજય નથી. દિલ્હીના લોકોએ આપત્તિ ટાળી છે. દિલ્હી એક દાયકાની આપત્તિમાંથી



મુક્ત થયું છે. દિલ્હીમાં વિકાસ, દ્રષ્ટિ અને વિશ્વાસનો વિજય થયો છે. અભિમાન, અરાજકતા, ઘમંડ અને આપત્તિનો પરાજય થયો છે. આ પરિણામમાં, ભાજપના કાર્યકરોની દિવસ-રાતની મહેનત અને પરિશ્રમ વિજયના ગૌરવમાં વધારો કરે છે. બધા કાર્યકરો વિજયને પાત્ર છે. હું દરેકને તેમની જીત બદલ અભિનંદન આપું છું. તેમણે કહ્યું કે દિલ્હીના લોકોએ સ્પષ્ટ કરી દીધું છે કે દિલ્હીની વાસ્તવિક માલિક જનતા છે. જેમને દિલ્હીના માલિક હોવાનો ગર્વ હતો, તેમણે સત્યનો સામનો કર્યો છે. દિલ્હીના જનાદેશથી એ પણ સ્પષ્ટ છે કે રાજકારણમાં શોર્ટકટ, જૂઠાણું અને કપટ માટે કોઈ સ્થાન નથી. જનતાએ શોર્ટકટ રાજકારણને શોર્ટ સર્કિટ કર્યું છે. લોકસભાની ચૂંટણીમાં પણ દિલ્હીએ નિરાશ નહોતા કર્યા. ત્રણ ચૂંટણીઓમાં, દિલ્હીના લોકોએ ભાજપને સાત બેઠકો પર વિજયી બનાવ્યો. પીએમ મોદીએ કહ્યું કે દિલ્હીની સંપૂર્ણ સેવા ન કરી શકવા બદલ કાર્યકરોના હૃદયમાં દુઃખ હતું. આજે એ દુઃખ પૂરું થયું. હવે યુવાનો પહેલી વાર દિલ્હીમાં ભાજપનું સુશાસન જોશે. પરિણામો પરથી સ્પષ્ટ થાય છે કે લોકોને ભાજપની ડબલ એન્જિન સરકારમાં વિશ્વાસ છે. તેમણે કહ્યું કે અમે પહેલા હરિયાણામાં, પછી મહારાષ્ટ્રમાં અને હવે દિલ્હીમાં નવો ઈતિહાસ રચ્યો છે. આપણું દિલ્હી હવે શહેર નથી રહ્યું, આ દિલ્હી એક નાનું હિન્દુસ્તાન છે, એક નાનું ભારત છે.

# નવું મંત્રીમંડળ બનતા જ એસઆઈટીની રચના કરી આપના કૌભાંડોની તપાસ કરાશે : ભાજપ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૮

દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે દિલ્હીમાં ભાજપની સરકાર બનતાની સાથે પહેલા મંત્રીમંડળમાં જ એસઆઈટીની રચના કરવામાં આવશે. બધા કૌભાંડોની તપાસ કરવામાં આવશે. આવી સ્થિતિમાં, એવું માનવામાં આવે છે કે ફરી એકવાર અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદીયા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તપાસ દરમિયાન તેને જેલ પણ થઈ શકે છે.



અરવિંદ કેજરીવાલ ચૂંટણી હારી ગયા કે તરત જ લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક દિલ્હી સચિવાલય પહોંચવાનો નિર્દેશ આપ્યો છે. ચૂંટણીના વલણોને ધ્યાનમાં રાખીને અધિકારીઓને દિલ્હી પહોંચવાનું કહેવામાં આવ્યું છે. સરકારી દસ્તાવેજો અને ડેટાને સુરક્ષિત રાખવા માટે કહેવામાં આવ્યું છે. ચૂંટણી પરિણામોથી સ્પષ્ટ થઈ ગયું છે કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ૨૭ વર્ષ પછી દિલ્હીમાં સત્તામાં પરત ફરવા જઈ રહી છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયા સહિત શાસક પક્ષના ઘણા અન્ય અગ્રણી નેતાઓ ચૂંટણી હારી ગયા છે. ભાજપે દિલ્હીની ૭૦ માંથી ૪૮ બેઠકો પર નિર્ણાયક બહુમતી હાંસલ કરી છે, જ્યારે આપ ૨૨ બેઠકો પર સમેટાઈ ગઈ છે જયારે કોંગ્રેસ સતત ત્રીજીવાર શૂન્ય પર રહી છે.

# વિપક્ષમાં હિંમત હોય તો શિવસેના યુબીટીના એકપણ સાંસદને તોડી બતાવે : ઉદ્ધવ ઠાકરે

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૮

શિવસેના યુબીટીના વડા ઉદ્ધવ ઠાકરેએ મુંબઈમાં પાર્ટીના નેતા અને વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેના પુસ્તક વિમોચન સમારોહમાં 'ઓપરેશન ટાઈગર' અને મહારાષ્ટ્રમાં મહાયુતિની જીતના મુદ્દા પર આકરા પ્રહારો કર્યા હતા. તમને જણાવી દઈએ કે શિવસેનાના નેતા ઉદય સામંતે દાવો કર્યો છે કે ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના ઘણા ધારાસભ્યો અને સાંસદો એકનાથ શિંદેની શિવસેનાના સંપર્કમાં છે અને ટૂંક સમયમાં પાર્ટીમાં મોટું ભંગાણ



થવાનું છે. તે જ સમયે, હવે ઉદ્ધવ ઠાકરેએ પડકાર ફેંક્યો છે કે કોઈએ તેમના એક પણ સાંસદને તોડવાનો પ્રયાસ ન કરવો જોઈએ. ઉદ્ધવ ઠાકરેએ ઓપરેશન ટાઈગર પર એકનાથ શિંદેને પડકાર ફેંકતા કહ્યું - જો તમારામાં હિંમત હોય, જો તમે પુરુષના દીકરા છો, તો મારા એક શિવસૈનિકને પણ તોડી નાખો. આજે વહેલી સવારે પણ સમાચાર ફેલાઈ ગયા હતા કે શિવસેનાના ૬ થી ૭ સાંસદોને તોડી રહ્યા છે. જો તમારામાં હિંમત હોય, તો તેમને તોડી બતાવો. શિવસૈનિકોની ધીરજની હમણાં કસોટી ન કરો, જો તે હમણાં ફૂટશે, તો તે તમારું માથું હશે. હું તમને પડકાર ફેંકી રહ્યો છું, જો તમારામાં હિંમત હોય, જો તમે પુરુષના દીકરા છો, તો સરકારી તંત્ર, પોલીસ તંત્ર, **ED, CBI,** આવકવેરાને બાજુ પર રાખો અને મારા એક શિવસૈનિકને પણ તોડી નાખો, તો હું તમારું નેતૃત્વ સ્વીકારીશ.

# પશ્ચિમ બંગાળના નાદિયામાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ : ચાર લોકોના મોત

(એચ.એસ.એલ),કોલકતા,તા.૮

પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લાના કલ્યાણીમાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થતાં ચાર લોકોના મોત થયા છે. વિસ્ફોટથી દાઝી જવાથી તેમના મોત થયા છે. સ્થાનિક સૂત્રોએ જણાવ્યું હતું કે મૃતકોમાં બે મહિલાઓનો પણ સમાવેશ થાય છે. એક મહિલાની હાલત ગંભીર છે. તેમની કલ્યાણીની જવાહરલાલ નહેરુ મેમોરિયલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. શરૂઆતમાં એવું જાણવા મળ્યું છે કે મૃતકો બધા ફેક્ટરીમાં કામ કરતા કામદારો હતા. નાદિયાના કલ્યાણીના રથતલાના ગીચ વસ્તીવાળા વિસ્તારમાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટની તીવ્રતાને કારણે, આખી ફટાકડાની ફેક્ટરી બળીને રાખ થઈ ગઈ છે. એવી આશંકા છે કે મૃત્યુઆંક વધુ વધી શકે છે.

કલ્યાણી પોલીસ સ્ટેશન અને ફાયર વિભાગના વાહનો ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસને શંકા છે કે ફટાકડા બનાવતી વખતે શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી, જેના કારણે ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા. ૦૯-૦૨-૨૦૨૫

# બગસરાનાં મુખ્ય માર્ગો પર પાણીના વેડફાટથી વેપારીઓમાં આક્રોશ ફેલાયો



બગસરા, તા.૦૮

બગસરા શહેરમાં મુખ્ય માર્ગો પર યોગ્ય મેનેજમેન્ટના અભાવે પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. ત્યારે પાણી વિતરણ વ્યવસ્થાની ગંભીર બેદરકારી સામે વેપારીઓએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. શહેરની મુખ્ય બજાર, હવેલી બજાર, જૂની પોસ્ટ ઓફિસ, સથવારા ચોક અને નાની બજાર વિસ્તારમાં ભર શિયાળે ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ છે. વિવિધ વિસ્તારોમાંથી મુખ્ય બજારમાં એકસાથે પાણી આવતા સમગ્ર વિસ્તારમાં પાણી વહી રહ્યું છે. આ સમસ્યાથી ત્રસ્ત વેપારીઓએ જણાવ્યું કે, નાની બજાર અને હવેલી શેરીમાં આ સમસ્યા કાયમી બની ગઈ છે. નગરપાલિકાના ચૂંટાયેલા સદસ્યો અને કર્મચારીઓ આ સમસ્યા પ્રત્યે પૂરતું ધ્યાન આપતા નથી. નગરપાલિકાના ચીફ ઓફિસરે પ્રેસનોટ બહાર પાડી શહેરીજનોને પાણીનો બગાડ ન કરવા અપીલ કરી છે.

# અમરેલી જિલ્લામાં નગરપાલિકા ચૂંટણીમાં મોટાભાગની પાર્ટીઓના પ્રચારમાં નિરસતા

**સંસદ સભ્ય, ધારાસભ્યો અને અન્ય આગેવાનો પ્રચારથી અળગા**

અમરેલી, તા.૦૮

અમરેલી જિલ્લામાં રાજુલા-જાફરાબાદ, લાઠી અને ચલાલા નગરપાલિકા માટે ઉમેદવારીપત્રો ભરાઈ ગયાને ઘણા દિવસો થઈ ગયા છે. ઉપરાંત અમરેલી અને સાવરકુંડલા નગરપાલિકામાં પણ પેટાચૂંટણી યોજાનાર છે. પરંતુ મોટાભાગની પાર્ટીઓનાં ચૂંટણી પ્રચારમાં નિરસતા જોવા મળી રહી છે. અને હાલમાં તો એકલદોકલ સ્થાનિક આગેવાનોથી ચૂંટણી પ્રચાર થઈ રહ્યો છે. મહત્વની બાબત તો એ છે કે અમરેલી જિલ્લામાં ચાર નગરપાલિકાઓમાં પૂર્ણ કક્ષાની ચૂંટણી હોવા છતાં સંસદ સભ્ય, ધારાસભ્યો કે વિપક્ષના મોટા આગેવાનો હજૂ સુધી ચૂંટણીના મેદાનમાં આવ્યા નથી. જિલ્લાના રાજકીય આગેવાનો બીજા રાજયમાં નાની ચૂંટણી હોય તો પણ પ્રચારમાં હોંશે હોંશે ભાગ લેતા હોય ત્યારે અમરેલી જિલ્લાની સ્થાનિક ચૂંટણીઓના પ્રચારમાં હજૂ સુધી કેમ જોડાયા નથી તે પણ મતદારોમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે. જો કે જેમ જેમ ચૂંટણીના દિવસો નજીક આવશે તેમ ભાજપ, કોંગ્રેસ અને આપ દ્વારા પ્રચાર કાર્યને વેગવંતુ બનાવાશે તે પણ નક્કી છે.

# દિલ્હી વિધાનસભામાં ભાજપના વિજયની ધારી ખાતે ફટાકડા ફોડી ઉજવણી કરાઈ



ધારી, તા.૦૮

દિલ્હી વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થતા ધારી તાલુકા ભાજપ પરિવાર દ્વારા ધારી તાલુકા પંચાયત ચોક ખાતે ફટાકડા ફોડી જીતની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ધારી તાલુકા ભાજપ પરિવારના કાર્યકર્તાઓ અને આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરા સરકારી હોસ્પિટલમાં અપાતી દવાઓ પર લેબલિંગ કરવા ભાજપ અગ્રણીની રજૂઆત



તસવીર : દિપક કનૈયા

બાબરા, તા.૦૮

બાબરા સરકારી હોસ્પિટલમાં દર્દીઓને અપાતી દવાઓ પર યોગ્ય લેબલિંગ કરવાની માગ સાથે ભાજપના અગ્રણી હારૂનભાઈ મેતરે આજે વિવિધ અધિકારીઓને રજૂઆત કરી હતી. હાલમાં દવાખાનામાં દવા વિતરણ કરતા કર્મચારીઓ મૌખિક સૂચનાઓ આપે છે, પરંતુ મોટાભાગના દર્દીઓ આ માહિતી ભૂલી જતા હોવાનું જણાયું છે. આ સમસ્યાના નિરાકરણ માટે દવાઓના પેકેજિંગ પર દવા ક્યારે અને કેવી રીતે લેવી તેની સ્પષ્ટ માહિતી દર્શાવવાની માગણી કરવામાં આવી છે. મેતરે બાબરા સરકારી હોસ્પિટલના અધિકારીઓ, જિલ્લા આરોગ્ય અધિકારી અને સ્થાનિક ધારાસભ્ય જનકભાઈને આ અંગે રજૂઆત કરી હતી. આ પહેલા પણ આ મુદ્દે અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ કાર્યવાહી થઈ ન હોવાનું તેમણે જણાવ્યું હતું.

# ગીર ગઢડાના ધોકડવા ગામની મહિલાને કારમાં બેસાડી સોનાની ચેન લૂંટી લીધી

સાવરકુંડલા, તા.૦૮

ગીર ગઢડાના ધોકડવા ગામે રહેતી એક મહિલાને ત્રણ અજાણ્યા પુરુષ તથા એક અજાણી સ્ત્રીએ કારમાં બેસાડી સોનાના ચેનની લૂંટ ચલાવી હતી. બનાવ અંગે મંગુબેન સાજણભાઈ ગુજજરે ત્રણ અજાણ્યા પુરુષો તથા એક અજાણી સ્ત્રી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, સાવરકુંડલા ખાંભા ટી પોઈન્ટથી બાઢડા જતા રસ્તે આરોપી ફોરવ્હીલ કારના ચાલક તથા તેની સાથેના અજાણ્યા બે પુરુષ તથા એક સ્ત્રીએ એમ કુલ ચારેયે મળી એકબીજાએ મદદગારી કરી તેમને ફોરવ્હીલમાં બેસાડી તેમની જાણ બહાર તેમના ગળામાં પહેરેલ આશરે દોઢ તોલા વજનની સોનાની ચેન કિં.રૂ.૭૦,૦૦૦ ની ચાલાકીથી છીનવી લીધી હતી.

# 'હું તમારા ક્રેડિટકાર્ડનો એક્સ્ટ્રા ચાર્જ બંધ કરી દઉ છું' કહી રૂ. ૬૮,૦૦૦ ઉપાડી લીધા

**ભાવરડી ગામનો યુવક ભોગ બન્યો**

ખાંભા, તા.૦૮

ખાંભાના ભાવરડી ગામના યુવકને હું તમારા ક્રેડિટકાર્ડનો એક્સ્ટ્રા ચાર્જ બંધ કરાવી દઉ છું તેમ કહી ઓ.ટી.પી. માંગીને રૂપિયા ૬૮,૦૦૦ ઉપાડી લઈને છેતરપિંડી આચરવામાં આવી હતી. બનાવ સંદર્ભે કિરીટબાઈ નથુભાઈ ભુંકણ (ઉ.વ.૨૨)એ અજાણ્યા મોબાઈલ નંબર ધારક વ્યક્તિ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી વ્યક્તિએ એચ.ડી.એફ. સી. બેંક અધિકારીની ખોટી ઓળખ આપી તેમને વિશ્વાસમાં લીધા હતા. જે બાદ તેમને ફોન કરીને તમારે ક્રેડિટકાર્ડમાં એક્સ્ટ્રા ચાર્જ લાગે છે અને ખોટા ચાર્જ ન લાગે તે માટે હું તમારા ક્રેડિટકાર્ડનો એક્સ્ટ્રા ચાર્જ બંધ કરી દઉ છું તેમ કહી ક્રેડિટકાર્ડ નંબર તથા ઓ.ટી.પી. માંગ્યા હતા. જે બાદ તેની જાણ બહાર રૂ.૬૮,૦૦૦ ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ આર.જી. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠી રોડ પર ભરબપોરે આખલા યુધ્ધે ચડ્યા : ટ્રાફિક જામ થયો



અમરેલી, તા.૦૮

અમરેલીના લાઠી રોડ બાયપાસ પાસે બપોરના ૪ વાગ્યાના સમયે આખલા યુધ્ધે ચડતાં ટ્રાફિકજામ સર્જાયો હતો. ઘણા સમય સુધી રોડ પર આખલા યુધ્ધ થતાં વાહનચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. આ આખલાઓને છુટા પાડવા લોકોએ પ્રયત્ન કર્યા હતા પણ આખલા યુધ્ધ અટક્યું ન હતું. નગરપાલિકા દ્વારા રોડ પર રખડતા ઢોર અંગે કોઈપણ કાર્યવાહી ન કરાતાં શહેરીજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

# અમરેલીમાં લાઠી રોડ પર સરકારી સ્કૂલ શરૂ કરવા કૌશિક વેકરીયાને રજૂઆત



અમરેલી, તા.૦૮

અમરેલી શહેરના લાઠી રોડ પર સરકારી પ્રાથમિક શાળા શરૂ કરવા અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને શહેર ભાજપના યુવા અગ્રણી બ્રિજેશ કાવઠીયા દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. તેમણે રજૂઆત કરતાં જણાવ્યું, અમરેલી શહેરના લાઠી રોડ પર એક પણ સરકારી પ્રાથમિક શાળા નથી. એવા સંજોગોમાં મધ્યમ વર્ગના તેમજ ગરીબ પરિવારના બાળકોને સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરવા ખૂબ જ દૂર જવું પડે છે. હાલ અમરેલી શહેરના લાઠી રોડ પર અનેક સોસાયટીનું નિર્માણ થયેલું છે. એવા સંજોગોમાં લાઠી રોડ પર સરકારી પ્રાથમિક શાળા બનાવવામાં આવે તો આ વિસ્તારના લોકોને શિક્ષણ માટેની કાયમી મુશ્કેલી દૂર થાય તેમ છે.

# સુરક્ષા સેતુ સોસાયટી અમરેલી દ્વારા "હમ હોંગે કામયાબ" થીમ અંતર્ગત મોટીવેશન સેમિનારનું આયોજન




અમરેલી, તા.૦૮

આજના સમયમાં વિદ્યાર્થીઓ ખુબજ સ્ટ્રેસમાં રહેતા હોય છે તેમજ ભારવાળા ભણતરમાં વિદ્યાર્થીઓ પરીક્ષા સમયે ડર, ગભરાટ અનુભવતા હોય છે અને પોતાની માનસિક સ્થિતિ અસ્થિર થવાથી પરીક્ષા સમયે પોતાની ક્ષમતા મુજબ પરીણામ લાવી શકતા નથી, વિદ્યાર્થીઓને પરીક્ષાની પૂર્વ તૈયારી માટે શું કરવુ જોઈએ તે અંગે જિલ્લાની સરકારી શાળાઓ તેમજ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે સુરક્ષા સેતુ સોસાયટી અમરેલી જિલ્લા દ્વારા અમરેલી જિલ્લા પોલીસ તાલીમ ભવન – અમરેલી પોલીસ હેડ ક્વાર્ટર ખાતે "હમ હોગે કામયાબ" થીમ ઉપર મોટીવેશનલ સ્પીકર અર્જુનભાઈ દવેએ પોતાની આગવી શૈલીમાં વિદ્યાર્થીઓને મોટીવેશન સાથે મનોબળ પુરૂ પાડવામાં આવેલ અને મોટીવેશન સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું.

# દિલ્હી વિધાનસભામાં ભાજપની જીત થતાં સાવરકુંડલામાં ફટાકડા ફોડી ઉજવણી કરી



સાવરકુંડલા, તા.૦૮

દિલ્હી વિધાનસભામાં ૨૭ વર્ષ પછી ભારતીય જનતા પાર્ટીનો ઐતિહાસિક વિજય થતા સાવરકુંડલા ભાજપ પરિવાર દ્વારા જેસર રોડ તેમજ શિવાજીનગર ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં ફટાકડા ફોડી આ ભવ્ય જીતની ઉજવણી કરવામાં આવી હતી. ત્યાર બાદ મોટી સંખ્યામાં સમર્થકો, કાર્યકર્તાઓએ હાથમાં પક્ષના ઝંડા અને પોસ્ટરો લઈને વિજય રેલી કાઢી હતી. આ વિજય રેલીમાં મોટી સંખ્યામાં સમર્થકો જોડાયા હતા. આ તકે સાવરકુંડલા શહેર તેમજ તાલુકા ભાજપ પરિવારના સૌ હોદ્દેદારો, નગરપાલિકાના સદસ્યો, તાલુકા અને શહેરના તમામ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એક્સીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ ક્લીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ · શ્રેષ્ઠ ગ્રાહક સેવા · ગુણવતાયુકત કામ · પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચક્કરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# અમરેલી ખાતે આહિર સમાજનો ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાયો

વડીયા,તા.૦૮

અમરેલીમાં જિલ્લા આહિર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શહેરના ફોરવર્ડ સ્કૂલના ગ્રાઉન્ડ ખાતે ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સમૂહ લગ્નોત્સવમાં ૧૭ નવયુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા. સમૂહ લગ્નોત્સવમાં આહિર સમાજે સાધુ સમાજની એક દીકરીને લગ્નોત્સવમાં સાથે જોડીને આશરા ધર્મને સાર્થક કરી સમાજસેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સમૂહલગ્ન સ્થળ પર જ વિશાળ સંખ્યામાં આહિર સમાજના યુવાનો હાજર હોવાથી મહા રક્તદાન કેમ્પ યોજાયો હતો. આ સમૂહ લગ્નોત્સવમાં તમામ દીકરીઓને દાતાઓના સહયોગથી ૨૭૨ જેટલી વસ્તુઓ ભેટમાં આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, જામનગરના સાંસદ પૂનમબેન માડમ, લોકસાહિત્યકાર માયાભાઈ આહિરે પ્રાસંગિક સંબોધન કર્યા હતા. આ ઉપરાંત ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, અમરીશભાઈ ડેર, ઓમ શાંતિના ગીતાદીદી સહિતના અનેક મહાનુભાવોએ નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા હતા. અમરેલી જિલ્લા આહીર ચેરિટેબલ ટ્રસ્ટના નેજા નીચે યોજાયેલ આ સમૂહ લગ્નોત્સવમાં પ્રમુખ જીતુભાઈ ડેર અને ઉપપ્રમુખ વનરાજભાઈ કોઠીવાળના માર્ગદર્શનમાં યુવા આહિર સમાજના પ્રમુખ કમલેશભાઈ ગરણિયાના નેતૃત્વમાં સૌના સહયોગથી આ સફળ આયોજન કરાયું હતું. ધારાસભ્ય જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા, સમાજના રાજકીય, સામાજિક આગેવાનો, ઉદ્યોગપતિઓ, અધિકારીઓ અને સમગ્ર જિલ્લામાંથી આહિર સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.





**સમાજના આગેવાનોની હાજરીમાં ૧૭ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા પાડ્યા**

# ધારીના શિવનગર વિસ્તારમાં મોડી રાત્રે જરખ દેખાયું, CCTVમાં થયું કેદ

**શહેરી વિસ્તારમાં જરખની હાજરીથી લોકોમાં આશ્ચર્ય**

ધારી,તા.૦૮

ધારી શહેરના શિવનગર વિસ્તારમાં મોડી રાત્રે એક જરખ ફરતું જોવા મળ્યું હતું, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. સામાન્ય રીતે જંગલમાં પણ ભાગ્યે જ જોવા મળતું ઝરખ શહેરમાં જોવા મળતા લોકોને આશ્ચર્યચકિત કરી દીધા છે. સાથે શિકારી પ્રકૃતિ ધરાવતા ઝરખની શહેરી વિસ્તારમાં હાજરીએ વિસ્તારમાં ચિંતાનું મોજું ફેલાવ્યું છે.



તસ્વીર : સંજય વાળા

# દિલ્હીમાં ઐતિહાસિક જીતની બગસરા ભાજપ દ્વારા ભવ્ય ઉજવણી કરાઈ

બગસરા,તા.૦૮

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને ૨૭ વર્ષ બાદ મળેલી ઐતિહાસિક જીત પર બગસરા શહેરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. બગસરા તાલુકા ભાજપ કાર્યાલય ખાતે ફટાકડા ફોડવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર અને શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાદરાણીની આગેવાનીમાં જિલ્લા મંત્રી મનોજભાઈ મહિડા, મહિલા મોરચા પ્રમુખ રંજનબેન ગોહિલ, નગરપાલિકા પ્રતિનિધિ એ.વી. રીબડીયા, જિલ્લા પંચાયત સભ્ય ધીરૂભાઈ માયાણી સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ ઉજવણીમાં તાલુકા મહામંત્રી પ્રકાશભાઈ પરમાર, તાલુકા પંચાયત ઉપપ્રમુખ હસમુખભાઈ બાબરીયા અને શહેર-તાલુકાના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.



## અવસાન નોંધ

**મહુવા**

સલીમભાઈ છોટુભાઇ સેતા ઉંમર વર્ષ-૩૫ ખુદાની રહેમતમાં પહોંચી ગયેલ છે. મર્હુમ સલીમભાઈ તે છોટુભાઇ સેતાનાં દીકરા તેમજ અબ્દુલભાઇ ઉમરભાઇ શેખ (ધક્કા વાળા) ના જમાઈ થાય તેમજ જમાલભાઇ કુરેશી (વડાળ વાળા) ના ભાણેજ થાય તથા ફિરોઝભાઇ અલીભાઈ ખોખર ખારા વાળાના ભાઇ થાય છે. મર્હુમની જીયારત તારીખ-૯/૨/૨૦૨૫ ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે તેમના હુસેની નગર ખારામાં તેમના ઘરે રાખેલ છે.

# હિંડોરણા ચોકડી પાસે પેટ્રોલ પંપ પર યુવકને પતાવી દેવાની ધમકી આપી માર માર્યો

**ઢીકાપાટુ મારી પાઇપના ૪૦ ઘા માર્યા**

રાજુલા, તા.૦૮

અમરેલી જિલ્લામાં કાયદા કાનૂનની વ્યવસ્થા કથળી હોય તેમ લાગે છે. હિંડોરણા ગામે ચોકડી પર પેટ્રોલ પંપ પર યુવકને વચ્ચે પડીશ તો પતાવી દઈશ તેવી ધમકી આપી હતી. તેમજ ઢીકાપાટુનો મુંઢમાર મારીને પાઈપના ૪૦ જેટલા ઘા મારવામાં આવ્યા હતા. બનાવ અંગે સમઢીયાળા-૨ પ્લોટ વિસ્તારમાં રહેતા ગભરૂભાઈ જીવાભાઈ વણજર (ઉ.વ.૫૦) એ ગીર ગઢડાના જસાધાર ગામે રહેતા ઉનડભાઈ ભોળાભાઈ વાઘ તથા હિંડોરણા ગામના જીકારભાઈ કાળુભાઈ વાવડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેની દીકરી લક્ષ્મીબેનની સગાઈ ઉનડભાઈ વાઘના ભાઈની સાથે કરવાની હતી. આ સગાઈની તેમણે ના પાડતા સારૂ નહોતું લાગ્યું. તેની દાઝ રાખી હતી. તેઓ હિંડોરણા ચોકડીએ પેટ્રોલ પુરાવવા આવ્યા ત્યારે હિંડોરણા બ્રિજ પાસે આરોપીઓ છુપાઈને ઉભા હતા. આરોપીઓએ તેમને તથા તેની સાથે રહેલ સાહેદ રામભાઇ નગાજણભાઈ વાઘને ગાળો આપી વચ્ચે પડીશ તો પતાવી દઈશ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત હાથમાં રહેલા લોખંડના પાઈપ વડે શરીરે મુંઢમાર માર્યો હતો. તેમજ છાતીમાં તથા પેટમાં ગંભીર ઈજાઓ કરી શરીર ઉપર પાઈપના આડેધડ આશરે ૨૫ થી ૩૦ ઘા માર્યા હતા. ખાંભા પોલીસ સ્ટેશનન ઈન્ચાર્જ પીઆઈ આર.જી. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.


શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ...
એ જ ભાવ વ્યાજબી ભાવ
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.


## નામ બદલાવેલ છે

આથી હું **લીંબાસીયા અનુરાધા વ્રજલાલ** જાહેર કરૂ છુ કે મે મારૂ નામ **લીંબાસીયા અનુરાધા વૃજલાલ** માંથી બદલાવીને **લીંબાસીયા અનુરાધા વ્રજલાલ** (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું **લીંબાસીયા અનુરાધા વ્રજલાલ** (નવું) તરીકે ઓળખાઈશ.

સહી : લીંબાસીયા અનુરાધા વ્રજલાલ

એડ્રેસ : શેરી નં.૧, ગજેરાપરા, અમરેલી, પીનકોડ - ૩૬૫૬૦૧

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//-

અપીલ અરજી નં.૧૨/૨૦૨૫

**અરજદાર** :- શ્રી શારદાબેન ધીરજલાલ સાવલીયા,
રહે.બ્લોક નં.૧૮, રામપાર્ક, ગંગાનગર-૧
ચકકરગઢ રોડ, તા/જી-અમરેલી
અરજદાર તરફે વિ.વ. શ્રી સચિન જી.મહેતા તથા વિ.વ. શ્રી ઈકબાલભાઈ એમ. મોગલ

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી તા/જી-અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં શારદાબેન ધીરજલાલ સાવલીયા, તેમના પુત્રશ્રી બ્રિજેશ ધીરજલાલ સાવલીયાની જન્મ (તા.૨૩/૦૪/૧૯૮૫)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સહી
(જી.જી.બાવીસા)
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી.



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# લીલીયામાં આયુષ્યમાન વય વંદના કેમ્પ સંપન્ન: મોટી સંખ્યામાં વડીલોએ લાભ લીધો

લીલીયા મોટા,તા.૦૮



લીલીયા મોટા ખાતે ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા આયુષ્યમાન વય વંદના કેમ્પ યોજાયો હતો, જેમાં ૭૦ વર્ષથી ઉપરના વડીલોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ત્યારબાદ ધારાસભ્ય કસવાલાએ લીલીયામાં ચાલી રહેલ ગટર રિનોવેશન કામ અને પંપિંગ સ્ટેશન નંબર ૪ની મુલાકાત લઈને નવી મોટરોનું નિરીક્ષણ કર્યું તેમજ પુંજાપદર માર્ગ માટે નવો ઓવરબ્રિજ બનાવવાના સ્થળની સમીક્ષા કરી હતી. ખારી નદી પર રિવરફ્રન્ટ બનાવવવા અંગે સ્થળની પણ મુલાકાત લીધી હતી અને નાવલી નદીના કારણે થતાં પાણી ભરાવ અંગે ચિંતાઓ વ્યક્ત કરી હતી. આ તકે T.D.O. માળવીયા, ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, ગૌતમભાઈ વિછીયા, કેતનભાઈ ઢાકેચા, ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, જીવનભાઈ વોરા, ભનુભાઈ ડાભી, કાંતિભાઈ શિંગાળા, હિંમતભાઈ માસ્તર, ભાસ્કરભાઈ પટેલ, કેપ્ટન ધામત, યોગેશભાઈ દવે સહિત સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# પીજીવીસીએલના કર્મચારી સહિત બે લોકો તગડા વળતરની લાલચમાં સાયબર ક્રાઈમનો ભોગ બન્યાં

**અમરેલીના યુવક સાથે ૧,૪૮,૯૨૫ રૂપિયાની છેતરપિંડી**

અમરેલી, તા.૦૮

સાયબર ક્રાઇમ સામે જાગૃતિ આવે તે માટે પોલીસ સતત માર્ગદર્શન આપી રહી છે તેમ છતાં નાગરિકો આ ઝાળમાં ફસાઈ રહ્યા છે. અમરેલીમાં રહેતા ભાવેશભાઈ ધીરૂભાઈ રાઠોડ (ઉ.વ.૩૯) એ પ્રકાશ ટ્રેડીંગવાળા વ્યક્તિ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને વોટ્સએપમાં શેરબજારમાં સારૂ વળતર આપવાની લાલચ આપી હતી. આરોપીએ તેની પાસે ઈન્વેસ્ટની રકમ તથા ટેક્સ અને ચાર્જના નામે જુદા-જુદા કુલ પાંચ પેમેન્ટ વિવિધ આઈડી પર કરાવ્યા હતા. આરોપીએ તેની સાથે કુલ રૂ.૧,૪૮,૯૨૫ નું ઓનલાઈન ફ્રોડ કરી વિશ્વાસઘાત તથા છેતરપિંડી કરી હતી. ધારીમાં રહેતા અને પીજીવીસીએલ ઓફિસમાં જુનિયર આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતાં પાર્થકુમાર વિષ્ણુભાઈ સોલંકી (ઉ.વ.૨૮) એ અજાણ્યા મોબાઈલ ધારક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ઈન્સ્ટગ્રામ તથા વોટ્સએપ ગ્રુપમાં મેસેજ કરીને શેરબજારમાં રોકાણ કરવા વિશ્વાસમાં લીધા હતા. જે બાદ શેરકીપો નામની એપ્લીકેશનમાં આઈ.પી.ઓ. ખરીદવા વિશ્વાસમાં લઈ રોકાણ કરાવી સારો નફો કમાવાની લોભામણી લાલચ આપી હતી. તેમને જુદા જુદા બેન્ક એકાઉન્ટો મોકલી તેમાં અલગ અલગ તારીખોએ કુલ રૂ.૧,૦૫,૦૦૦ મેળવી લઈ ઓનલાઈન છેતરપિંડી કરી હતી. ધારી પોલીસ સ્ટેશનના પી.આઈ એ.એમ.દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના જરખીયા ગામે પ્રેમ સંબંધનો ખાર રાખી ગાળો આપી

લાઠી, તા.૦૮

લાઠીના જરખીયા ગામે એક યુવકને પ્રેમ સંબંધના ખારમાં આરોપી ગાળો આપી, માર મારવા દોડ્યો હતો. તેમજ વાહનને લાકડી મારી ઘોબા પાડી દીધા હતા. બનાવ અંગે રાજેન્દ્રકુમાર ઉર્ફે રાજુભાઈ રવજીભાઈ કોટડીયાએ તેમના જ ગામના સુભાષભાઈ ખોડાભાઈ કાકડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેમને આજથી આશરે સાતેક વર્ષ પહેલા આરોપીની દીકરી સાથે પ્રેમ સંબંધ હતો. તેની જાણ જે તે વખતે આરોપીને થઈ હતી. જેનું મનદુઃખ રાખી આરોપી બજારમાં લાકડી લઈ આવી તેમને જેમ ફાવે તેમ ગાળો આપી માર મારવા દોડ્યો હતો. જેથી તેઓ પોતાના ઘરમાં ચાલ્યા જતા તેમની મોટર સાયકલનો મોરો તોડી તથા પેટ્રોલની ટાંકી ઉપર ઘોબા પાડીને રૂપિયા ૧૦ હજારનું નુકસાન પહોંચાડ્યું હતું. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ. ખર વધુ તપાસ કરી રહ્યા છે.

# 'તે શું લેવા મને ગાળ આપી' કહી યુવકને ખપાળી મારી ઈજા પહોંચાડી

**જાફરાબાદના ભાડા ગામના પુલ પાસે બનાવ બન્યો**

જાફરાબાદ, તા.૦૮

જાફરાબાદના ભાડા ગામના પુલ પાસે એક યુવકને 'તે શું લેવા મને ગાળ આપી' તેમ કહી ખપાળી મારી ઈજા પહોંચાડવામાં આવી હતી. બનાવ અંગે મુળજીભાઈ મંગાભાઈ મહિડા (ઉ.વ.૩૯) એ કમલેશભાઈ લખમણભાઈ મહીડા, લખમણભાઈ જીવાભાઈ મહીડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેનો ભાઈ રમેશ મજૂરી અર્થે ગાંગડા ગામે જતા હતા. ભાડા ગામના કમલેશભાઈ મહીડા બોલેરો લઈને ભાડા ગામમાં આવતા હોય જેથી તેમને ભાડા ગામે પુલ પાસે પહોચતા એમ થયુ કે તેને ગાળ આપેલ છે. જેથી તેના ભાઈ રમેશને બોલાવ્યો હતો. તેઓ ત્યાં જતા કમલેશભાઈએ તેમને કહ્યું કે 'તે શું લેવા મને ગાળ આપેલ છે' તેમ કહી કમલેશભાઇ તેમને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. તેમજ શરીરે આડેધડ મુંઢમાર મારવા લાગ્યા હતા. આ દરમિયાન તેમના બાપુજીએ પણ બોલેરોમાંથી નીચે ઉતરી તેમને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા અને શરીરે આડેધડ મુંઢમાર મારવા લાગ્યા હતા. તેમજ બોલેરો ગાડીમાંથી ખપાળી લઈ આવીને ખપાળીનો હાથો માથાના ભાગે મારી ઈજા પહોંચાડી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી. એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં પત્ની સાથે વાત કરતાં યુવકને છરી બતાવી ધમકી આપી

અમરેલી, તા.૦૮

અમરેલીમાં એક યુવક તેની પત્ની સાથે ફોનમાં વાત કરતાં તેને છરી બતાવીને ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે અકબર મજીદભાઈ મહીડા (ઉ.વ.૧૯)એ મહેબુભાઈ કુરેશી, ફરીદાબેન મહેબુબભાઈ કુરેશી તથા અરમાન મહેબુબબાઈ કુરેશી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ કાઠી ફળીયા જાહેર રોડ પર તેમની પત્ની સાથે વાતો કરતા હતા તે દરમિયાન અરમાન કુરેશી ગાળો બોલતો હતો. જેથી તેને ઠપકો આપતાં આ બાબતનું મનદુઃખ રાખીને લોખંડના પાઈપનો એક ઘા મોઢા પર માર્યો હતો. તેમજ શરીરે ઢીકાપાટુનો આડેધડ મુઢમાર મારી જેમ ફાવે તેમ ગાળો આપી હતી તેમજ છરી બતાવી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પ્રોબેશનરી પીએસઆઈ આર.ડી. કુવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# શેડુભાર ગામેથી પરિવાર લગ્ન કરવા ગયો ને ઘરમાં ચોર ત્રાટક્યા

**રોકડા ૫૦ હજાર સહિત રૂ. ૨.૬૬ લાખની ચોરી**

અમરેલી, તા.૦૮

અમરેલીના શેડુભાર ગામે રહેતો એક પરિવાર લગ્ન કરવા ગયો હતો. આ દરમિયાન તેના ઘરમાં ચોર ઈસમો ત્રાટક્યા હતા અને રૂપિયા ૨.૬૬ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે દિલીપભાઈ દેવચંદભાઈ નાકરાણી (ઉ.વ.૪૦)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તા.૦૩/૦૨/૨૫ ના રોજ પોતાના રહેણાંક મકાને તાળા મારી પોતાના કાકાના દીકરાના લગ્નમાં ગોખલણા ગામે ગયા હતા. આ સમયે અજાણ્યા ચોર ઈસમે રહેણાંક મકાને ગેરકાયદે પ્રવેશ કરી રૂમનું તાળું તોડી સ્ટીલના ડબામાંથી સોનાના દાગીના કુલ કિં.રૂા.૨,૧૬,૦૦૦, અનાજની પેટીમાં રાખેલી રોકડ રકમ રૂા.૫૦,૦૦૦ મળી કુલ રૂા.૨,૬૬,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.કે. પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં રોકડીયાપરા પ્રાથમિક શાળા સામેથી એસઓજી ટીમે દારૂનો જથ્થો ઝડપ્યો

અમરેલી, તા.૦૮

અમરેલી જિલ્લામાં બે જગ્યાએથી દારૂ પકડાયો હતો. અમરેલીમાં રોકડીયાપરા પ્રાથમિક શાળા સામેથી એસઓજી ટીમે પ્રિન્સ શૈલેષભાઈ ટાંક (ઉ.વ.૧૯) પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૩૦ બોટલ મળી આવી હતી. પોલીસે મોબાઈલ સહિત કુલ ૩૫,૬૧૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જાફરાબાદના ધારાબંદર ગામથી રાજપર જવાના રોડ પરથી એક યુવકના કબજામાં ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની છ બોટલ મળી કુલ રૂ.૮૦૪નો મુદ્દામાલ મળ્યો હતો. જિલ્લામાં સાત લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જ્યારે ૧૪ લોકો કેફી પીણું પીને જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. બગસરાના નટવરનગર પાસેથી મોટા ભંડારીયાનો યુવક નશાયુક્ત હાલતમાં વાહન ચલાવતાં પકડાયો હતો.

# ખાંભાના પીર ખીજડીયા ગામ પાસે વીજપોલ સાથે બાઈક અથડાયું

ખાંભા, તા.૦૮

ઈંગોરાળા ગામથી થોડે દુર પીર ખીજડીયા ગામ પાસે સિમેન્ટના વીજ પોલ સાથે બાઈક અથડાયું હતું. જેમાં એક વ્યક્તિ ઘાયલ થયો હતો. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના કાલા ખોદરા ગામના અને હાલ સલડી ગામે મધુભાઈ વામજાની વાડીએ રહેતા સુરસીંગ નાનભુ ધોંદિયાએ જાહેર કર્યા મુજબ, અમરસીંગ નાનભુ ધોંદિયા તથા નાના ભાઈ તીકમભાઈ ભાગવી રાખેલ વાડીએ ચીતલ આંટો મારવા ગયા હતા. બાદમાં સાંજના આશરે દશેક વાગ્યે મોટર સાયકલ લઈને પરત આવતો હતો ત્યારે ઈંગોરાળા ગામથી પીર ખીજડીયા ગામ વચ્ચે પોતાના હવાલાવાળું મોટર સાયરલ પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી રોડની સાઈડમાં આવેલ સિમેન્ટના વીજ પોલ સાથે પોતે પોતાની મેળે ભટકાવ્યું હતું. જેમાં તેને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ યોગેશભાઈ રામભાઈ ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૧ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૮૦ | ૬૨૫ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૬૫ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૯૮૬ |
| જુવાર લાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૦૩ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૧૫૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૨૦૫૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૯૪ |
| મગ | ૧૧૭૦ | ૧૬૪૯ |
| વાલ દેશી | ૯૫૦ | ૧૧૧૯ |
| ચોળી | ૧૬૦૦ | ૨૧૧૦ |
| મઠ | ૬૯૦ | ૭૩૨ |
| કળથી | ૭૭૫ | ૮૩૫ |
| સીંગદાણા | ૧૨૭૫ | ૧૩૫૦ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૦૩ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૨૦૦ |
| તલી | ૧૮૦૦ | ૨૦૬૦ |
| એરંડા | ૧૧૩૫ | ૧૨૩૬ |
| અજમો | ૨૨૦૦ | ૨૩૨૩ |
| સુવા | ૧૨૫૨ | ૧૨૫૨ |
| સોયાબીન | ૭૬૦ | ૮૦૧ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૦૦ |
| કાળા તલ | ૩૬૦૦ | ૫૨૯૦ |
| લસણ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| ધાણા | ૧૨૩૦ | ૧૫૯૦ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૩૫૦ |
| ધાણી | ૧૨૮૦ | ૧૭૧૧ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૨૯૫ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૮૨૫ |
| રાય | ૧૦૮૦ | ૧૨૪૪ |
| મેથી | ૮૦૦ | ૧૦૨૫ |

| | | |
|---|---|---|
| અશેરીયો | ૧૪૫૧ | ૧૬૦૦ |
| રાયડો | ૮૯૦ | ૧૦૭૦ |
| રજકાનું બી | ૩૦૦૦ | ૩૫૦૦ |
| ગુવારનું બી | ૯૫૦ | ૯૭૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૯૦૦ |
| બટેટા | ૧૬૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૪૩૦ |
| ટમેટા | ૫૦ | ૧૦૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૮૦ | ૧૫૦ |
| સકરીયા | ૪૦૦ | ૬૫૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૫૦ | ૮૦ |
| ફલાવર | ૮૦ | ૧૮૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૧૦૦ | ૩૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૪૦૦ | ૮૦૦ |
| સરગવો | ૪૫૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૩૫૦ | ૬૫૦ |
| પરવર | ૧૬૦૦ | ૨૦૦૦ |
| કાકડી | ૪૫૦ | ૭૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૮૦ |
| વટાણા | ૩૦૦ | ૪૫૦ |
| તુવેરસીંગ | ૪૩૦ | ૬૪૦ |
| ગલકા | ૩૫૦ | ૬૩૦ |
| બીટ | ૧૫૦ | ૨૮૦ |
| મેથી | ૧૦૦ | ૨૦૦ |

| | | |
|---|---|---|
| વાલ | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૨૮૦ |
| આદુ | ૫૦૦ | ૮૦૦ |
| ચણા લીલા | ૧૦૦ | ૩૦૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૪૦૦ |
| હળદર લીલી | ૩૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૩૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૭૮૦ | ૧૪૯૦ |
| શિંગ મઠડી | ૯૦૦ | ૧૦૭૮ |
| શિંગ મોટી | ૮૯૭ | ૧૦૯૦ |
| શિંગ ફાડા | ૯૮૫ | ૧૨૩૧ |
| તલ સફેદ | ૧૪૫૨ | ૨૨૫૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૮૮૦ |
| તલ કાશ્મીરી | ૨૪૨૪ | ૨૬૯૫ |
| જુવાર | ૪૭૦ | ૧૦૭૦ |
| ઘઉં ટુકડા | ૪૮૨ | ૬૮૪ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૬૩૯ |
| અડદ | ૧૨૮૫ | ૧૨૮૫ |
| ચણા | ૯૧૦ | ૧૧૩૮ |
| તુવેર | ૧૦૧૦ | ૧૪૭૦ |
| વાલ | ૧૦૬૬ | ૧૦૯૫ |
| એરંડા | ૯૫૦ | ૧૨૨૨ |
| ધાણા | ૧૨૦૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૫૪૦ | ૮૦૨ |
| મરચા લાંબા | ૪૩૦ | ૩૩૯૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૨૦ | ૨૮૦ |
| રીંગણાં | ૫૦૦ | ૬૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૧૨૦ |
| કોબીજ | ૪૦ | ૬૦ |
| શકકરીયા | ૩૦૦ | ૪૦૦ |

| | | |
|---|---|---|
| ટામેટા | ૧૦૦ | ૧૨૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૩૦૦ | ૪૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મુળા | ૧૦૦ | ૧૬૦ |
| કાકડી | ૩૪૦ | ૬૪૦ |
| ગુવાર | ૮૨૦ | ૧૬૨૦ |
| વાલોળ | ૧૨૦ | ૨૨૦ |
| વટાણા | ૪૪૦ | ૫૦૦ |
| ચોળા લીલાં | ૬૧૦ | ૮૧૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| તુવેર | ૬૧૦ | ૭૧૦ |
| ચણાં લીલા | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૫૧૦ | ૭૧૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૭૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૧૪૦ | ૧૯૦ |
| ફુદીનો | ૫૨૦ | ૭૨૦ |
| ટીંડોરા | ૪૩૦ | ૫૩૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| આમળા | ૮૩૦ | ૯૩૦ |
| સરગવો | ૭૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૩૧૦ | ૪૧૦ |
| મરચા લીલા | ૪૩૦ | ૫૩૦ |
| મરચા લાલ | ૮૨૦ | ૯૨૦ |
| ડુંગળી લીલી | ૨૪૦ | ૩૪૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૪૨૦ |
| લસણ લીલુ | ૭૧૦ | ૮૧૦ |
| લસણ સુકુ | ૧૦૧૦ | ૧૬૧૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |

| | | |
|---|---|---|
| લીંબુ | ૭૦૦ | ૮૦૦ |
| વાલ | ૫૦૦ | ૭૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી.ટી. | ૧૧૫૧ | ૧૪૫૧ |
| ઘઉં લોકવન | ૫૯૨ | ૬૨૪ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૭૦ |
| મગફળી જીણી | ૭૪૧ | ૧૧૩૧ |
| સિંગ ફાડીયા | ૮૧૧ | ૧૩૪૧ |
| એરંડા / એરંડી | ૧૧૩૧ | ૧૨૬૧ |
| તલ કાળા | ૨૫૦૦ | ૫૧૨૧ |
| જીરૂ | ૨૨૫૧ | ૩૯૦૧ |
| વરીયાળી | ૧૨૬૧ | ૧૩૦૧ |
| ધાણા | ૮૫૧ | ૧૫૫૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૬૫૧ |
| તુવેર | ૧૧૦૧ | ૧૫૦૧ |
| રાય | ૧૦૪૧ | ૧૧૮૧ |
| મેથી | ૭૮૧ | ૯૮૧ |
| મગફળી જાડી | ૬૫૧ | ૧૧૪૬ |
| નવા ધાણા | ૧૨૭૬ | ૨૩૭૬ |
| નવી ધાણી | ૧૪૦૧ | ૪૧૦૧ |
| નવું જીરૂ | ૩૫૦૧ | ૪૨૦૧ |
| સફેદ ચણા | ૧૦૦૧ | ૧૯૨૬ |
| તલ - તલી | ૧૫૦૦ | ૨૩૬૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૫૨૧ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૨૪૬ |
| બાજરો | ૪૯૧ | ૫૧૧ |
| જુવાર | ૮૯૧ | ૮૯૧ |
| મકાઇ | ૫૦૧ | ૫૪૧ |
| મગ | ૧૧૨૧ | ૧૭૩૧ |
| ચણા | ૯૦૧ | ૧૧૯૧ |
| વાલ | ૫૯૧ | ૧૩૫૧ |
| વાલ પાપડી | ૫૫૧ | ૫૫૧ |
| ચોળા / ચોળી | ૫૦૧ | ૧૦૩૧ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૪૦૧ | ૭૯૧ |
| અજમાં | ૨૪૫૦ | ૨૪૫૦ |
| ગોગળી | ૬૫૦ | ૯૭૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૩૫ |
| કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૮૦ |
| મગફળી | ૧૦૪૨ | ૧૦૬૮ |
| મગફળી બીટી | ૧૦૨૨ | ૧૦૫૮ |
| ઘઉં | ૫૨૫ | ૬૧૫ |
| ચણા | ૧૦૨૯ | ૧૦૮૧ |
| તુવેર | ૧૧૮૫ | ૧૩૩૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૪૪ |
| ઘઉં લોકવન | ૬૧૧ | ૬૧૯ |
| ઘઉં ટુકડા | ૬૦૯ | ૬૧૧ |
| ચણા | ૯૬૫ | ૧૦૪૦ |
| સોયાબીન | ૫૫૦ | ૭૭૭ |
| તુવેર | ૧૩૦૫ | ૧૩૫૦ |
| શીંગદાણા | ૧૦૨૦ | ૧૧૦૫ |
| મગફળી | ૭૫૦ | ૭૭૨ |
| અડદ | ૯૧૫ | ૯૧૫ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૬૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| મેથી | ૭૮૦ | ૮૮૫ |
| વાલ | ૧૨૨૦ | ૧૨૨૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૭૧ | ૧૪૫૧ |
| મગફળી | ૭૨૧ | ૯૨૬ |
| મેથી | ૯૫૧ | ૯૫૧ |
| શીંગ દાણા | ૯૨૫ | ૧૧૫૦ |
| રાઈ | ૧૦૮૦ | ૧૦૮૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૬૫ |

| | | |
|---|---|---|
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૯૮૦ | ૧૦૪૫ |
| શીંગ ૩૯ | ૯૨૦ | ૧૦૨૦ |
| શીંગ જી-૨૦ | ૯૮૦ | ૧૦૮૮ |
| એરંડા | ૯૧૨ | ૧૨૧૧ |
| જુવાર | ૪૧૫ | ૯૨૨ |
| બાજરી | ૪૪૧ | ૬૨૨ |
| ઘઉં ટુકડા | ૫૬૧ | ૭૧૧ |
| અડદ | ૯૮૫ | ૧૦૯૫ |
| મગ | ૧૧૦૦ | ૨૦૪૦ |
| સોયાબીન | ૭૪૬ | ૭૮૮ |
| ચણા | ૮૭૫ | ૧૧૧૨ |
| તલ પુરબીયા | ૨૫૦૫ | ૨૫૬૧ |
| તલ કાળા | ૪૧૪૪ | ૪૬૬૦ |
| તુવેર | ૧૦૩૫ | ૧૩૫૨ |
| ડુંગળી લાલ | ૨૦૦ | ૫૩૮ |
| ડુંગળી સફેદ | ૨૨૦ | ૩૭૦ |
| કપાસ શંકર | ૯૩૦ | ૧૪૨૭ |
| નાળીયેર | ૫૭૫ | ૨૬૯૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૨૫ | ૧૦૨૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૮૦૦ |
| તલ પીળા | ૨૫૦૦ | ૨૫૭૮ |
| કપાસ | ૧૨૬૦ | ૧૪૬૦ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૫૧ |
| જુવાર | ૭૦૦ | ૯૬૨ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૫૦ |
| તુવેર | ૧૨૬૨ | ૧૩૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| જીરૂ | ૩૭૦૧ | ૩૭૦૧ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૭૪૯ | ૭૪૯ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૦૦ | ૧૧૦૦ |
| શીંગ મોટી | ૯૯૨ | ૧૦૯૬ |
| તલ સફેદ | ૧૮૨૫ | ૨૧૫૦ |
| જીરૂ | ૩૬૨૫ | --- |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ઘઉ લોકવન | ૫૮૦ | ૬૫૭ |
| ઘઉ ટુકડા | ૬૦૦ | ૬૯૦ |
| બાજરો | ૬૦૦ | --- |
| જુવાર | ૬૦૦ | ૮૭૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૮૭ |
| તુવેર | ૧૨૫૦ | ૧૪૫૮ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૧૪ |
| સોયાબીન | ૧૩૨૨ | ૧૩૪૪ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૮ |
| કપાસ સી ગ્રેડ | ૧૦૫૩ | ૧૦૫૩ |
| **કોડીનાર** | | |
| મગફળી જીર૦ | ૯૫૫ | ૧૧૦૨ |
| મગફળી ૩૨નં | ૯૦૦ | ૧૦૫૨ |
| બાજરી હાઈબ્રીડ | ૫૦૦ | ૬૩૦ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૧ |
| તુવેર | ૧૧૩૦ | ૧૫૪૨ |
| જુવાર | ૬૨૫ | ૧૦૭૦ |
| એરડી | ૧૦૪૦ | ૧૨૨૮ |
| ચણા | ૯૪૦ | ૧૧૬૬ |
| જા.તલ | ૨૨૫૦ | ૨૭૦૦ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૧૫૨ |
| સોયાબીન | ૭૬૦ | ૮૧૦ |
| કપાસ | ૧૧૬૦ | ૧૪૫૦ |

# ત્રિવેણી તીર્થયાત્રાનો યુગકાલીન ચિરસ્મરણીય અનુભવ

**વિચાર વલોણું**



**જયવંત પંડ્યા**



આસ્થા પણ જોઈ, અનાસ્થા પણ જોઈ...

બડભાગ્ય પણ જોયું, દુર્ભાગ્ય પણ જોયું...

વ્યવસ્થા પણ જોઈ, અવ્યવસ્થા પણ જોઈ...

માનવતા પણ જોઈ, લૂંટ પણ જોઈ...

મહાકુંભ, કાશી, અયોધ્યાની ત્રિવેણી યાત્રામાં અનેક રંગો જોવા મળ્યા.

આસ્થા : અદ્ભુત. કોરોનાકાળમાં શ્રમિકો માથે સામાન મૂકી ચાલતા નીકળ્યા હતા ત્યારે બધાને કરુણા ઉપજી હતી. પણ એ એમની દિનચર્યા છે. તેમની કુશળતા છે. મહાકુંભમાં પણ એ જ રીતે તેઓ ચાલતા આવ્યા. પણ તેઓ જ નહીં, રાજાથી માંડી રંક સુધી, આવી રીતે પગપાળા યાત્રા દ્વારા દર્શનના આશ્ચર્યજનક અનેક કિસ્સા છે. વટામણ ચોકડી પાસે વરાણાના ખુમાનસિંહ ગોહિલ સિત્તેર વર્ષથી વધુ વયના છે. તેઓ થોડા મહિના પહેલાં જ વટામણથી અયોધ્યા ચાલતા જઈ આવ્યા. રાજકોટનો ૩૩ વર્ષનો યુવાન ચિરાગ પટેલ કહે છે કે રાજકોટમાં નજીક દૂધ લેવા જવું હોય તોય એક્ટિવા લઈને જઉં. પણ અહીં ચાલતા ગયો. અને કેવો ! વસંત પંચમીની આગલી રાત્રે ત્રણ વાગે સેક્ટર ૧૮માં આવેલા બાપા સીતારામ અન્નક્ષેત્રથી ચારેક કિલોમીટર દૂર સંગમ ઘાટ પર ગયો. ત્યાં પૂલ બંધ હતો. સવારે દસ વાગે ફરી ઉપડ્યો. પગમાં છાલા પડી ગયા હતા. પોતાની વિગત લખાવવાની હોય તો પણ ગુજરાતીમાં આંકડા બોલનારા છે હજુ તે જાણી આનંદ થયો. ગુજરાતમાં આવા લોકો હોય તેવું ત્યાં લાગતું નહોતું. ઓગણએંસી કેમ થાય તે પણ ખબર નથી હોતી. આવા અનેક કિસ્સા આસ્થાના છે.

અનાસ્થા: આની સામે અનાસ્થા પણ જોવા મળી. અહીંના એક ભાઈ ક્યારેય કુંભમાં સ્નાન કરવા નથી જતા. મહિના દિવસ કુભ મેળામાં કામ મેળવે છે પણ સ્નાન કરવા જતા નથી. મેં કહ્યું, હા, તમારે તો ખરેખર ઘરે બેઠા ગંગા, યમુનાનું પાણી આવે છે, તો ઘરે બેઠાં જ રોજ ત્રિવેણી સ્નાન થઈ જાય. કેટલાક લોકો અહીં આવીને પણ મોડા ઊઠે અને ખાણીપીણીને મહત્ત્વ આપવા જાય પરિણામે મંદિરદર્શન કે સ્નાનથી વંચિત રહી જાય. તેની તેમને ગ્લાનિ હોતી નથી.

બડભાગ્ય: અનેક લોકો બડભાગી જોવા મળ્યા. ત્રણ-ત્રણ વાર સ્નાન કર્યું હોય. યાત્રામાં કોઈ તકલીફ ન પડી હોય. અને પાછા આ લોકો કોઈ વીઆઈપી નહોતા. કાશીમાં પણ દર્શન થઈ જાય. અયોધ્યામાં પણ દર્શન થઈ જાય. આવા બડભાગી લોકોમાં અમે પણ હતા. અમે કાશી પહોંચ્યા અને ત્રણ કલાક લાઇનમાં ઊભા રહ્યા અને દર્શન કરી રાત્રે સાડા અગિયાર-પોણા બાર આસપાસ બહાર નીકળ્યા અને જાહેરાત થઈ કે હવે દર્શન બંધ થાય છે. ઘણા લોકો પ્રયાગથી કાશી ગયા હોય અને દર્શન વગર પરત ફરવું પડ્યું હોય અથવા રાત્રે દર્શન ન થઈ શકે ને સવારે ફરી દર્શન કરવા જવું પડે તેવા કિસ્સા છે.

દુર્ભાગ્ય: મૌની અમાસની દુર્ઘટનાના મૃતકો આવા દુર્ભાગ્યશાળી હતા. પણ આ સિવાય અનેક લોકોને ખૂબ મુશ્કેલી પડી. દા.ત. એક ટ્રાવેલ્સવાળો સાત બસ લઈ પ્રયાગરાજ આવ્યો. તેમાંથી એક બસના યાત્રીઓએ ચિત્રકૂટ પાસે બપોર પડી ગઈ હોવાથી ભોજન કરી લેવાને મહત્ત્વ આપ્યું. એ જ ગ્રૂપના બીજી બસના યાત્રીઓએ નાસ્તાથી ચાલી જશે પણ પહેલાં પ્રયાગ પહોંચી જઈએ તેને મહત્ત્વ આપ્યું. કારણકે ચિત્રકૂટમાં બહુ જ ટ્રાફિક હતો. એક તો ચિત્રકૂટના દર્શન કરવા ગયેલા યાત્રીઓ અને બીજા પ્રયાગરાજ જતા યાત્રીઓ. રસ્તા પણ સાંકડા. બસમાં રસોઈયા હતા. એટલે રસોઈમાં સમય લાગે જ્યારે નાસ્તામાં ઝડપથી પતી જાય. આના કારણે એવું બન્યું કે જેમણે જમવાને મહત્ત્વ આપ્યું હતું તે પછી ટ્રાફિકમાં એવા અટવાઈ ગયા કે અમાસની આગલી રાત્રે ત્રણ વાગે પહોંચ્યા. તેથી નહાવાધોવાનો સમય ન રહ્યો. સીધા ગંગા સ્નાન કરવા જવું પડ્યું કારણકે બીજા દિવસે બપોરે તો બસ પરત ફરી જવાની હતી. બીજા લોકો સાંજે સાડા ચારે પહોંચી ગયા. તેથી તેમને સારો સમય મળ્યો. આરામ કરવાનો. આજુબાજુ ફરવાનો.

ઘણાની પરત ફરવાની ટ્રેન રદ થઈ તો ઘણાને રેલવે સ્ટેશન પર અટકાવી દીધા. તો કેટલાકને સ્ટેશનેથી નીકળતા જ બે કલાક થયા ! આમાંથી કેટલાક પૂલ પાસે પહોંચ્યા તો ખબર પડી કે પૂલ તો બંધ છે ! કેટલાક લોકો અમાસના દિવસે પૂલની પેલે પાર તો પહોંચી ગયા હતા પણ ઉતારો પૂલની આ પાર હતો. સામાન પણ ઉતારામાં હતો. પૂલ બંધ હોવાથી ફસાઈ ગયા. ઘણાને નકશો ખબર નહીં હોવાથી આગળ નીકળી ગયા. તેથી તેમની ટ્રેન/ફ્લાઇટ ચૂકાઈ ગઈ તેવા પણ કિસ્સા છે.

વ્યવસ્થા: મહાકુંભમાં ખૂબ સારી વ્યવસ્થા છે. તેના વિશે ગયા રવિવારે આ કોલમમાં લખી ગયો છું એટલે પુનરાવર્તન ટાળું છું.

અવ્યવસ્થા: મહાકુંભમાં જેવી ચોખ્ખાઈ રખાય છે, ઠેરઠેર કચરાપેટી મૂકાઈ છે, અસ્થાયી તો અસ્થાયી શૌચાલય મૂકાયાં છે તેવી વ્યવસ્થા કાશી અને અયોધ્યામાં નથી તેવું દુઃખ સાથે કહેવું પડે છે. કાશીમાં મંદિરમાં જવા માટે ગોદૌલીયા ચોકથી લાઇન હતી ત્યાં પોલીસે એક લાઇન નાળા પાસેથી કરાવી હતી. લોકો લાઇનમાં આગળ વધવા સાથે નાસ્તો કરતા કે ઠંડાં પીણા પીતાં તો કચરો નાખવા માટે ત્યાં ફૂટપાથ પર જ કે નાળામાં નાખતા હતા. એટલું ગંદું દશ્ય લાગતું હતું. બીજું, મંદિરની અંદર મોબાઈલ અને ચપ્પલ રાખવાની વ્યવસ્થા હતી પણ બહાર જે દુકાનદારો આનો ધંધો કરતા હતા તે લોકોને બીવડાવતા હતા કે અંદર વ્યવસ્થા નથી. જો કોઈ ના પાડે તો બીવડાવતા કે દર્શન બંધ થઈ જશે.

મંદિરની અંદરથી આ જાહેરાત કરાવી જોઈએ. શ્રી રામજન્મભૂમિ તીર્થક્ષેત્રમાં આ જાહેરાત થતી હતી. ત્રીજું, કાશીમાં અંદર ઉતરતા ઢાળવાળો રસ્તો છે તેની લોકોને ખબર ન હોવાથી ત્યાં લપસી પડતા હતા. ક્યાં ઉતરતો ઢાળ છે, ચડવાનાં કે ઉતરવાનાં પગથિયાં છે તેનાં સાઈન બૉર્ડ મૂકાવાં જોઈએ.

ચોથું, અનહદ ભીડને અંદર ન જવા દેવી જોઈએ કારણકે સુરક્ષા જવાનો આટલા બધાની તપાસ વ્યવસ્થિત ન કરી શકે. વળી એટલી ધક્કામુક્કી થાય છે તે જોખમી છે. શ્રી રામમંદિર અને શ્રી હનુમાનગઢીમાં ચડવાનાં પગથિયાં છે. તેના પર એટલી ભીડ હતી અને તે એટલી ધક્કામુક્કી કરતી હતી કે દુર્ઘટના થવાની પૂરી શક્યતા હતી. અને દર્શન માટે એક કે બે સેકન્ડ માંડ મળે છે. આ સ્થિતિ તો લગભગ બધા મોટાં મંદિરોની છે. બીજાં બધાં મંદિરોનો તો મહિમા છે જ, પણ શ્રદ્ધાળુઓમાં શ્રી રામમંદિરનો મહિમા અત્યંત છે કારણકે પાંચસો વર્ષના લોહીયાળ અને અનેક વિષપૂર્ણ દાવપેચ પછી મંદિર બન્યું છે. આથી લોકો અંદર જતાંવેંત જય જય શ્રી રામનાં ઘોષથી ગગન ગજવી દે છે. મંદિર ભવ્ય અને દિવ્ય છે તેમાં ના નહીં પણ શું શ્રદ્ધાળુઓ એક મિનિટ પણ સામે ઊભા રહી રામલલ્લાના સન્મુખ દર્શન ન કરી શકે? પરિસરની બહારથી અનેક કિમી ચાલીને સુગ્રીવ કિલા થઈને ભક્તો અંદર પણ ઘણું બધું ચાલીને અંદર પ્રવેશે ત્યારે સરખું મન ભરીને દર્શન પણ ન કરી શકે તો તેનો ફેરો ફોગટ થાય. પ્રયાગરાજમાં પોલીસને ટ્રેનિંગ આપીને તેમનાં મગજ શાંત કરાયાં અને તેમનો વ્યવહાર મિત્રવત્ માર્ગદર્શકનો રહ્યો તેમ શ્રી રામમંદિર અને શ્રી કાશી વિશ્વનાથમાં મંદિરની અંદર સુરક્ષા કર્મચારીઓની કેમ નથી? શ્રી હનુમાનગઢીમાં તો પોલીસ પોતે જ ઘણા ઓળખીતા-પાળખીતાને વચ્ચે ઘૂસાડતી હતી.

માનવતા: પ્રયાગમાં માનવતાના અનેક ઉદાહરણો જોવા મળ્યાં. અમને એક અધિવક્તા અને એક પૂર્વ ગ્રામ પ્રધાન બાઇક પર મૂકી ગયા. અમે બાઇકવાળા વધારે ભાવ માગતા હતા તો ભાવની રકઝક કરતા હતા. નાગવાસુકિ, લેટે હનુમાન અને ભારદ્વાજ મુનિ આશ્રમ જઈ આવ્યા પછી ઘણું ચાલેલા. છેલ્લે તો દોઢ કિમી જ બાકી હતું તો પણ આગળ એક ડગલું નહીં ચલાય તેમ લાગતું હોવાથી બાઇક કરવી જ પડે તેમ હતી. અમારી રકઝક સાંભળી સાઇઠથી વધુ વયના પૂર્વ ગ્રામ પ્રધાન શોભનાથ દુબેજી પોતાની જગ્યાએથી ઊભા થયા અને બાઇકવાળાઓને સમજાવ્યું કે વાજબી ભાવમાં લઈ જાવ. તો તેઓ ન માન્યા. એટલે પોતે મૂકવા આવ્યા અને એક પણ પૈસો ન લીધો. એટલું જ નહીં, બાપા સીતારામ અન્નક્ષેત્રમાં ચા પીવા પણ ન આવ્યા. અમને કહે, અમારે ત્યાં પ્રયાગરાજમાં ૧૪૪ વર્ષે મહાકુંભ થતો હોય અને તમારા જેવા ભક્તોની અમને સેવાની તક ક્યાંથી મળે ! હું ચા પીઉં તો પણ મારી સેવા એળે જાય. બાપા સીતારામ અન્નક્ષેત્ર તો બગદાણાના સંત બજરંગદાસ બાપાના ભક્તો ચલાવે છે. તેની વાત કરીએ એટલી ઓછી. નહાવાનું ગરમ પાણી, પીવાનું ગરમ પાણી. સવારે ચા-નાસ્તો, બપોરે-રાત્રે ભોજનરૂપ પ્રસાદી, સાંજે પાછી ચા. સૂવા માટે ગાદલાં-ગોદડાં. સામાન મૂકી બહાર જવું હોય તો લગેજ રૂમ. આટલી મોટી સંખ્યામાં લોકો રહેતા હોય તોય ઓછાં ન પડે તેટલાં બાથરૂમ-સંડાસ. ચોખ્ખાઈ. બીજાં પણ અન્નક્ષેત્ર છે. મફત ઔષધાલયો (નિદાન કેન્દ્રો) પણ છે. ૨૮મીએ પૂલ બંધ હતા એટલે બાપા સીતારામ અન્નક્ષેત્ર જઈ શકાય તેમ નહોતું તો અનેક જગ્યાએ પૂછ્યા પછી ભોપાલના બ્રૃજેશ શર્માનો બ્રાહ્મણ ઉત્થાન સમિતિ સંચાલિત આશ્રમ પણ મળ્યો જેમાં ડબલ બેડ, ઓશિકું, ઓઢવાનું હતું ને ચા-ભોજન તેમનો પરિવાર બનાવી પ્રેમથી પીરસતો હતો. બાથરૂમ-સંડાસ, બ્રશ માટે ચોકડી વગેરે સુંદર વ્યવસ્થા હતી. પંચ દિગંબર અની અખાડામાં પૂજનીય સાધુએ પ્રસાદીમાં સૂકો મેવો આપ્યો અને શિષ્ય પાસે ચા બનાવડાવી પીવડાવી. કોઈ દક્ષિણાની અપેક્ષા વગર ! ઉપદેશ માગ્યો તો પણ ન આપ્યો. તેમની પ્રેમ નીતરતી આંખ અને માયાળુ સ્વભાવ એ જ જાણે કે તેમનો ઉપદેશ કે મારી જેમ તું પણ લોકોને પ્રેમથી ખવડાવજે-પીવડાવજે.

લૂટવાનાં પણ ઉદાહરણો ઓછાં નથી. રીક્ષા, બાઈક, હોડીવાળાએ અધધ ભાવ લીધા છે. પાણીની બોટલ ત્રીસ રૂપિયામાં વેચાઈ છે. ટેક્સીમાં કાશી-અયોધ્યા લઈ જનારાઓએ લોકો પાસેથી વધુ ભાવ લીધા છે. ડ્રાઈવરે દારૂ પી ખોટા રસ્તે ગાડી ચલાવી છે. તો કોઈક કિસ્સામાં પોતે ફોન બંધ કરી સૂઈ જઈ ગાડી દૂર પાર્ક કરી રાતના બે વાગ્યે બીમાર સ્ત્રીઓ સહિતના યાત્રીઓને રઝળાવ્યા છે. કનકધારા ચેરિટેબલ ટ્રસ્ટ નામ હોય અને ઉતરવા માટે તેના મુખ્ય-સાધુ કહેવા કે સાધ્વી તેવો પ્રશ્ન થાય તેમણે વ્યક્તિ દીઠ ૨૧૦૦ માગ્યા અને ગુજરાતથી છીએ તેમ ખબર પડતા ગુજરાત આવું તો શું સેવા કરશો તેમ પૂછ્યું એટલે બે હાથ જોડી ત્યાંથી ઝડપથી રવાના થયા. પ્રશ્ન એ થાય કે જેમના ઘરના નળમાં ગંગાનું પાણી આવે છે, જેઓ તે પીવે છે, જેઓ તેનાથી સ્નાન કરે છે તેમની મથરાવટી મેલી કેમ હોઈ શકે? અમદાવાદના પાર્થ ટ્રાવેલ્સ જેવાએ યાત્રા છે, પ્રવાસ નહીં તેમ કહી અગવડતા સર્જી. પણ પોતે યાત્રા કરાવે છે તો પણ વર્તન સહેજ પણ શિષ્ટાચારવાળું નહીં. આમ જ થશે ને આમ જ ચાલશે તેમ યાત્રાળુઓને અધવચ્ચે કહી દેવું. સળંગ છત્રીસ કલાકની મુસાફરી હોય તો મહિલાઓને બાથરૂમ-સંડાસની વ્યવસ્થિત સુવિધા મળે તેવી જગ્યાએ વિરામ ન લેવો અને પેટ્રોલ પંપે જ્યાં પુરુષો માટે એક અને મહિલાઓ માટે એક શૌચાલય હોય તેવી જગ્યાએ બસ ઊભી રાખવી. રસોઈયાનો સ્ટાફ પૂરતો ન લેવો. પહેલેથી રૂટ ન જણાવવો. સીટ નંબર છેલ્લી ઘડીએ સેંકડો યાત્રીઓને ફાળવવો. બસ દસ વાગ્યાનું કહી રાત્રે અઢી વાગે ઉપાડવી અને ઠંડીમાં લોકો બેસી શકે તેવી ઑફિસ પણ નહીં. અરે! ઑફિસમાં બાથરૂમ ગંદું. નળ કે જેટ સ્પ્રેમાં પાણી પણ ન આવે. આમ છતાં જે પવિત્રતા, જે દિવ્યતા અને અલૌકિકનો અનુભવ થયો છે તેનો અનેરો અવર્ણનીય આનંદ છે. ખરેખર, આ ત્રિવેણી તીર્થયાત્રા ઘણું શીખવી ગઈ. યુગોનું જાણે કે ભાથું મળી ગયું. ■

jaywant.pandya@gmail.com

# કંટાળાનું આરંભબિંદુ – એક ઘરેડમાં ચાલ્યું જતું જીવન

**રાજકીય રસધાર**



**પ્રવીણ માધાણી**

સામાન્ય રીતે કોઈપણ દેશમાં સર્વોચ્ચ પદ પર બેઠેલી વ્યક્તિ અંગે ટીકા ટીપ્પણી કરવામાં ખુબ મર્યાદાઓ રાખવામાં આવે છે. ભારતમાં પણ રાષ્ટ્રપતિ જેવા સર્વોચ્ચ બંધારણીય પદની ગરિમા જાળવવામાં આવે છે. સત્તાધારી હોય કે વિપક્ષ, એનો આદર કરે તે જરૂરી છે. રાષ્ટ્રપતિ કોઈના મનોરંજન માટે નથી બોલતા હોતા. દેશની ઉપલબ્ધિઓ અને ભવિષ્યના આયોજનો અને દેશની



દશા દિશા વિશે એમનું અભિભાષણ હોય છે. રાષ્ટ્રપતિનું અભિભાષણ સરકારની નીતિઓ જણાવે છે. બેશક વિપક્ષને એ ભાષણની ટીકા કરવાનો અધિકાર છે, પણ સામાન્ય રીતે જ્યારે તેમના અભિભાષણ પર સંસદમાં ચર્ચા થાય ત્યારે કહી શકાય. તેઓ આ અધિકારનો ઉપયોગ કરે છે અને કરવો પણ જોઈએ, પરંતુ રાષ્ટ્રપતિ પર વ્યક્તિગત ટીપ્પણી કરવી અનુચિત છે. દેશમાં સૌથી બિચારી મહિલા કોણ છે એ દેશનો દરેક સમજુ નાગરિક જાણે છે. એ સમજવું અને સ્વીકારવું જરૂરી છે કે દેશમાં દરેક બાબત કે હોદ્દા પર વ્યક્તિ કોઈ એકલ દોકલ પરિવારની પસંદગીની નથી રહેવાની. પોતાના પરિવાર માટે અને દેશ માટે અલગ કાટલાં રાખી ન શકાય એ પરિસ્થિતિ નીર્માઈ ગઈ છે. બંધારણની દુહાઈ દેતા પક્ષમાં વર્ષો સુધી આંતરિક ચૂંટણીઓ જ નથી થઈ અને એક પરિવારની વ્યક્તિ જ પક્ષ પ્રમુખ બની રહી છે. સમાજવાદી કહેવાતા પક્ષના પ્રમુખના લગભગ બધા પરિવારજનો કોઈને કોઈ હોદ્દા પર બિરાજમાન છે, જેલમાંથી છૂટીને ચૂંટણી લડતા પોતાને ઈમાનદાર પાર્ટી કહેવડાવે છે. પોતાના વતનના ગામમાં ઉત્સવના નામે સરકારી ખર્ચે ફિલ્મી નટ નટીઓને નચાવીને કરોડોનો ધુમાડો કરી નાખનાર કુંભમાં હેલીકોપ્ટર દ્વારા ભાવિકો પર પુષ્પવર્ષા પર સવાલો ઉઠાવી રહ્યા છે. બંધારણને નહિ બદલવા દઈએ જેવા નારાઓ આપીને રાજનીતિ જીવતી રાખતા નેતાઓ સર્વોચ્ચ બંધારણીય પદની ગરિમા નથી જાળવતા, ભ્રષ્ટાચાર સબબ જેલમાં જઈને જામીન પર છુટેલા પછીથી જાહેર સભાઓમાં પોતાને કટ્ટર ઈમાનદાર હોવાના ભાષણો કરી શકે છે. આવું રાજકીય દોગલાપણું તમને હિન્દુસ્તાનમાં જ જોવા મળી શકે છે.

બંધારણની નકલ છાતી પર રાખીને છાતી કૂટતા નેતાઓને આ પદની ગરિમા પ્રત્યે કેટલો આદરમાન છે એ દેખાઈ આવે છે. પ્રજાને રૈયત સમજતા અને સામંતશાહી અને જાગીરદારી માનસિકતામાં ઉછરી મોટા થયેલા અને માત્ર જન્મના આધારે પક્ષના નેતા બનેલા લોકો પોતાની બાપીકી માની બેઠેલી જગ્યાઓ પર બીજાને સહન ન કરે એ સ્વાભાવિક છે. ગાંધી પરિવારનો આ પદને ઠોકરો માર્યાનો ઈતિહાસ જુનો છે. એમને કેવી વ્યક્તિઓ જોઈએ... એક ઉદાહરણ ૧૯૮૨માં ઈન્દિરા ગાંધીએ રાષ્ટ્રપતિ તરીકે જ્ઞાની ઝૈલસિંઘની પસંદગી કરી હતી એ ઝૈલસિંઘે રાષ્ટ્રપતિ પદ પર રહેતા ચર્ચિત નિવેદનો કર્યા હતા, એમના અમુક નિવેદનો.. ‘સંજય ગાંધી મારા રહેનૂમાં છે.’ ‘રાજીવ ગાંધી બીજા જવાહરલાલ બનશે...’ અને ‘જો મારી નેતાએ મને કહ્યું હોત કે ઝાડું લઈને સાફ કરો, તો મેં એ કર્યું હોત. એમણે જ મને રાષ્ટ્રપતિ તરીકે પસંદ કર્યો છે.’ આ નેતા એટલે ઈન્દિરા ગાંધી. એક પરિવાર અને મરજી બહાર કોઈ પદ પર બેઠેલી વ્યક્તિ વિશે એમની વર્તણૂક હંમેશા ઉતરતી કક્ષાની રહી છે જેનો દિવંગત પ્રધાનમંત્રી નરસિમ્હારાવ સુધીનો ઈતિહાસ છે. એમના મોતનો મલાજો પણ નહોતો જળવાયો. ડમડમ એરપોર્ટ પર બનેલો એક કિસ્સો આ માનસિકતાનો માઈલ સ્ટોન છે. એક વખત સંજય ગાંધી કોલકાતા ઉતર્યા. એણે એરપોર્ટ પર મુખ્યમંત્રી સિદ્ધાર્થ રોયને જોયા નહિ. અપમાન જેવું લાગ્યું અને કહ્યું કે શું સિદ્ધાર્થ રોયને ખબર નથી કે હું જવાહરલાલ નેહરુની દીકરીનો દીકરો છું ? સિદ્ધાર્થ શંકર રોય સુધી આ સમાચાર પહોચ્યા અને જવાબ આપ્યો કે શું સંજય ગાંધીને ખબર નથી કે હું પણ ભારતની એક મહાન વિભૂતિની દીકરીનો દીકરો છું.? સિદ્ધાર્થ રોય અપર્ણા દેવીના દીકરા હતા, જે દેશબંધુ ચિતરંજનદાસના દીકરી હતા. અન્યોને ઉતરતા સમજવાની આ માનસિકતા પેઢી દર પેઢી ચાલી આવે છે. આ માનસિકતા પક્ષને ક્યાંથી ક્યાં ખેંચી ગઈ એ જાગતો વર્તમાન છે. કોંગ્રેસ પાસે એક સમયે પ્રથમ, બીજી અને ત્રીજી હરોળના નેતાઓની કતારો હતી, દેશના સૌથી જુના પક્ષ પાસે આજે આંગળીના વેઢે ગણી શકાય તેટલા નેતાઓ બચ્યા છે. પક્ષના નેતાઓને બોલાવીને પોતાના પાળેલા કૂતરા સામે અપમાનિત કરવાની ઘટના, છાસવારે રજા કે વેકેશન વિદેશોમાં મનાવતા નેતાને રાષ્ટ્રપતિનું ભાષણ બોરિંગ લાગે એ સ્વાભાવિક છે. આ કોઈને ન સંભાળવાની વૃતિમાંથી પ્રગટ થાય છે. જયારે તમે સામાવાળાને નાપસંદ કરો છો, જયારે એ તમારા અહંને તોડીને એ મુકામ પર તમારાથી ઉચ્ચ આસને બેઠેલ છે, એનું બોલવું ન ગમે એ દેખીતું છે. પણ આ બોલવાવાળી વ્યક્તિ જયારે રાષ્ટ્રપતિ હોય અને તમે વિરોધપક્ષના નેતા તરીકે સભાગૃહમાં બેઠા હો ત્યારે સમીકરણો બદલાઈ જાય છે. તમારે હોદ્દાને માન આપવાનું હોય છે. દરેક વ્યક્તિ તમને ગમતું હોય એવું જ બોલે એ જરૂરી નથી. વિપક્ષના નેતાએ એ સ્વીકારીને ચાલવું પડે કે પ્રજાએ તમને પસંદ નથી કર્યા, એટલે પ્રજાએ જેમને પસંદ કર્યા છે એમની મરજી મુજબની બાબતો બનતી રહેવાની છે. એવું કહેવાય છે કે જે જલ્દીથી કંટાળી જાય છે એની સહનશક્તિ ઓછી હોય છે. આ બંને ઘટનાઓની પ્રતિક્રિયા કદાચ સામાન્ય નાગરિક નહિ આપે. પણ એના ગર્ભીતો બહુ ઉંડા છે. છાપાઓ અને ટીવીમાં પણ એટલું વજૂદ નહિ મળે, સૌથી મોટી શીખ કોંગ્રેસે લેવાની જરૂર છે. આ નીતિઓ અને માનસિકતાથી પ્રજા વચ્ચે જગ્યા બનવી મુશ્કેલ છે.

ક્વિક નોટ - દુનિયામાં જો ફોકસમાં રહેવું હોય તો તમારે લોકોને ખુશ કરવા જોઈએ. ખવડાવવું જોઈએ અથવા શોક આપવો જોઈએ. – ઓસ્કાર વાઈલ્ડ ■

production@infiniumpharmachem.com

# બાયોડેટા એટલે શું ?

**હાસ્યાય નમઃ**



**ડો. પ્રકાશ દવે**
**૯૫૭૪૩૭૪૪૫૩**

(૧)ડ્રાઈવર અને પાઈલોટ વચ્ચે શું તફાવત?

ઉન્નતિ મહેતા (રાજકોટ)

ડ્રાઈવરને પૂછી શકાય કે આ બસ ત્રિકોણ બાગ ઊભી રાખશો?!

(૨)બાયોડેટા એટલે શું?

જયેશ રાઠોડ (બાબરા)

કન્યા કે મુરતિયાને હોય એના કરતાં વધારે સારા બતાવતું લખાણ.

(૩)સાહેબ..! "ખો ખો" ની રમત સાથે પતિ-પત્નીને શું સબંધ હોઈ શકે..?

ધોરાજીયા ઘનશ્યામભાઈ એન. (સાજણટીંબા)

તમે એકબીજાને ખો નહી આપતા હોય એવા પતિપત્નીને પણ ખો આપતા શીખવાડી દેશો એમ લાગે છે.

(૪)સિઝન વગર કેરીનો રસ આવે તે ઓરીજનલ આવતો હશે ?

મુસ્તુફા કનોજિયા (રાજુલા)

મોકલો. ચાખ્યા પછી જવાબ આપીશ.

(૫)પાણીપૂરી કઈ ફ્લેવરની ખવાય?

હાફીઝ રિયાઝ સેલોત (રાજુલા)

ખિસ્સાને પોસાય એ ફ્લેવરની.

(૬)દાઢી કરવા પાણી ભરવાની વાટકી નાની રાખવી કે મોટી રાખવી સારી?

સરદારખાન મલેક (મહેસાણા)

પાણી અને દાઢી બેય જોવા પડે. દાઢી મોટી હોય અને પાણીની તંગી ન હોય તો તપેલી ભરીને જ બેસવું.

(૭)ઈન્કમટેક્સ ભરવો પડે એ આનંદનો અવસર કહેવાય કે ચિંતાનો વિષય?

કનુભાઈ પરમાર (દામનગર)

ઈ તો તમે કેટલી આવક છુપાવી શકો છો એના પર આધાર રાખે છે!

(૮)ચાહુંગા મેં તુજે સાંજ સવેરે... તો દોપહર કા ક્યા ?

જીગર આહીર (દાત્રાણા-પાટણ )

દોપહર હિન્દી શીખને કા!

(૯)કુંભમેળામાં તમે તમારા વાચકોને લઈ જાવ ને તમને પુણ્ય મળશે બોલો લઈ જશો?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

કુંભમેળામાં પણ મારા વાંચકો દાંત કાઢ્યા વિના ન રહે એટલે સાધુઓ ચીપિયા લઈ પાછળ દોડે તો નામ મારું આવે.

(૧૦)લગ્નમાં છેલ્લા ફેરામાં જે પહેલા બેસી જાય તેનું ઘરમાં ચાલે છે, તમારો અનુભવ જણાવશો.

હરિભાઈ ધોરાજિયા (લીલીયા મોટા)

અમે બન્ને એક સાથે બેસી ગયા હતા એવું ગોરદાદા કહેતા હતા. એટલે બેયનું ચાલે છે.

(૧૧) ન બોલવામાં નવ ગુણ...એ કહેવતનું જીવનમાં પાલન કરવુ કે બોલે એના બોર વેચાય તે ?

પૂજા પ્રભુદાસ ગોંડલીયા (જસદણ)

બોર ઓનલાઈન વેચવા મૂકી દો. બોલવુંય નહી પડે અને બોર પણ વેચાઈ જશે

(૧૨)ટીકડી, કેપ્સ્યુલ અને સીરપ વચ્ચે શું સમાનતા?

નીરવ ડણાક (અમરેલી)

એ ત્રણેય ભાંડરડા છે.

(૧૩)ગમે તે ફંકશનમાં જઈએ તો સ્ત્રીઓ હોય તો જ ગ્લેમર આવે તો એવું કેમ?

હરેશ રૂપારેલીયા (સુરત)

પણ માત્ર ગ્લેમર આવે એ માટે જ સ્ત્રીઓને સ્મશાનયાત્રામાં તો ન લઈ જવાયને?!

(૧૪)ટેક્સ ફીમાં નંબર આવી ગ્યો પણ સુખી થવું કે દુઃખી?

જયશ્રીબેન બી મહેતા (કોટડાપીઠા)

સુખી થાઓ કારણ કે જે કામ અંબાણી કે અદાણી પણ નથી કરી શક્યા એ તમે કરી બતાવ્યું છે!

(૧૫)કુંભમાં તમે કેટલી ડૂબકી મારી?

ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)

ડૂબકી પણ ગણીગણીને મારવાની? આ નવું! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# ભરજુવાનીમાં મોડા ઉઠવાની ટેવ વિનાશની એંધાણી છે

સપ્તરંગ

દિલીપ ભટ્ટાચાર્ય

શિયાળો જમાવટ કરે છે. ઈન્દિરા ગાંધીના જમાનામાં એક સૂત્ર બહુ લોકપ્રિય કરવામાં આવ્યું હતું, એ હતું કે કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી, પરંતુ નવાઈની વાત એ છે કે તેનો ખરો અર્થ કોઈ સમજ્યા નહીં. બધાએ એમ જ માની લીધું કે સરકાર ઈચ્છે છે કે આપણે કઠોર પરિશ્રમ કરીએ, ખરેખર એનો અર્થ છે કે કઠોર પરિશ્રમથી જે મળે તે તેના અનેક વિકલ્પોમાંથી અન્ય કોઈ પણ વિકલ્પ અજમાવવામાં આવે તો પણ ન જ મળે. એટલે કે તમારે જો સર્વોત્તમ પ્રકારનાં ફળ પ્રાપ્ત કરવા હોય તો કઠોર પરિશ્રમ કરવો જ પડે – એ એક જ રસ્તો છે. એ એક જ કેડી સર્વોત્તમ પરિણામો સુધી પહોંચે છે. એ માટેનો અન્ય કોઈ શોર્ટકટ નથી. વળી, આ જ્ઞાન સૂત્ર ઈન્દિરાજીએ કટોકટીના નકારાત્મક સમયગાળામાં વહેતું કર્યું હોવાને કારણે એમાં રહેલો સકારાત્મક બોધ પ્રજા કંઈ પ્રાપ્ત કરી શકે નહીં, પરંતુ જેમ કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી એ જ રીતે સવારના વહેલા ઊઠવાનો પણ કોઈ વિકલ્પ નથી. એટલે કે વહેલી સવારે જાગીને કામે લાગી જવાથી જે પરિણામો જીવનમાં પ્રાપ્ત થાય છે, એ પરિણામો બીજા કોઈ પણ સમયમાં એટલું જ કે એથી વધુ કામ કરવાથી પણ પ્રાપ્ત થતાં નથી. મોડા ઊઠતા લોકો વ્યાકુળ હોય છે. એમને મદદ કરે કોણ? એક તો મોડા ઊઠે અને વળી ટોળટપ્પા પણ કરે તો એનો કેવો વિનાશ થાય? અગાઉના યુગમાં પણ ટોળટપ્પા થતાં પણ કામને ટાણે બધા એકબીજાની પડખે હોય. આપણે ત્યાં એ જમાનામાં વાતોનો મેળો જામતો. ગામડાંનાં પાદરો હંમેશાં છલકાયેલાં હોય. આજે તો કોઈ પણ ગામના પાદરે પહોંચો તો જોગીદાસ હમણા જ ધાડ પાડીને ગયો હોય એવો સન્નાટો દેખાય છે. એ જમાનામાં માણસોને એકબીજાનું એવું ઘેલું કે કોઈએ દાડિયાય ન રાખવા પડે. એકબીજાના ખેતરે નીંદામણ કે વીણાટ ટાણે સામટા પરિવારો દાતરડાં લઈ ફરી વળે. ગામનું પાદર જોઈને જ ગામનો અણસાર આવી જાય. એ જમાને પાદરના વડલાના છાંયે વડીલોની ટોળી બેઠી હોય. કોઈ વળી બેઠું હોય પરબડીની પાળે. ભાઈબંધોની



ટોળકી જમાવીને વાતોએ વળગી ગયા હોય જુવાનિયા. વળી ક્યાંક હીંચકે બેઠા તડાકા મારતા હોય. સૌરાષ્ટ્રના ગ્રામજીવનમાં વ્યક્તિગત જીવન કરતાં સમૂહ જીવનનો અધિક મહિમા હતો. જેને ખરા અર્થમાં જીવન સંપદા કહેવાય એ બધાની સહિયારી હતી. એમાંથી પ્રજા પાછી ક્યાં પડી? એકબીજાની છૂપી ઈર્ષ્યાએ આપડા મલકની હાલત ખરાબ કરી નાખી. બીજાની હાજરીમાં ત્રીજાને હલકો બતાવવાની જે વૃત્તિ પાંગરી એણે એક તો સામાજિક સંબંધોમાં લૂણો લગાડ્યો અને માત્ર બહારથી ઠાવકાઈ ભર્યા દંભની શરૂઆત થઈ. જૂનો અમીનજરનો જમાનો વહી ગયો.

જિંદગી આપણે માનીએ છીએ એના કરતાં બહુ જ ટૂંકી છે. સમયને વહી જતા બહુ વાર લાગતી નથી. આ કળિયુગનાં વર્ષો માટે તો એમ કહેવાય છે કે આ બધા તો પોણિયા વરસ છે. એટલે અરધા – અધૂરા કે ટુકડા. હજુ તો આપણને એમ લાગે છે કે હજુ તો બહુ બધો સમય બાકી છે. જેટલો સમય નિરાંતે સુખ મળે એટલા સમયની નિરાંત લઈ લો, પરંતુ દરેક ક્ષણની આગળ એક હજાર ઘોડા બાંધવામાં આવ્યા છે. એને આધારે તમે અંદાજ લગાવો કે સમય કેટલો પૂરપાટ વેગે વહે છે. ઘડિયાળના કાંટાનું નિર્માણ જેણે કર્યું છે એણે આ દુનિયા સાથે બહુ રસપ્રદ છેતરપિંડી કરી છે. ત્રણેય કાંટાની જે ઝડપ બતાવી છે તે ભ્રામક છે. જે ખરેખર તો સમયની મૂળભૂત ઝડપનું આંશિક પ્રતિનિધિત્વ પણ કરતી નથી. સમયની ઝડપની તુલનામાં આ ઘડિયાળના કાંટા તો સાવ કાચબા ગતિએ ચાલે છે.

એને કારણે બિચારા મનુષ્યને તો ખ્યાલ જ નથી આવતો કે સમયની ગતિ શું છે? માતાપિતા હયાત હોય ત્યારે એને સર્વકાલીન વાત માની લેવામાં આવે, પરંતુ જેમ-જેમ સમય આગળ વધતો જાય એમ-એમ પેઢીઓ બદલાતી જાય. એક મનુષ્ય અને બીજા મનુષ્ય વચ્ચે સર્વકાલીન વિયોગ પ્રવેશતો જાય છે. સંસારના કોઈ પણ યોગનું વિયોગમાં રૂપાંતર કરવું એ કાળ દેવતાની મુખ્ય પ્રવૃત્તિ છે. કવિ નર્મદ તો અમર વાક્ય ઉચ્ચારે છે કે નર્મદ આખરે તો જુદાઈ જપ નર્મદ કહે છે કે ગમે તેટલા મિલન અને સ્નેહમિલનથી આ સંસારના અમૃતરસને ઘૂંટો તો પણ છેવટે તો સર્વ મિલન, વિયોગ જ બની જાય છે. અવસર પાછા વળતા નથી, એનાં સ્મરણો ક્યારેક એકાંતે મનુષ્યના મનને ભીંજવી દે છે. એટલે જેટલી મીઠાશ મનમાં હોય એને વહેતી રાખો. એક ચાઈનીઝ કહેવત છે, જેમાં કહેવામાં આવ્યું છે કે તમારા મિત્રો મૃત્યુ પામે ત્યાં સુધી તમારા મુખમાં રહેલી સાકરને સંઘરી ન રાખો. આપણા મિત્રોના સદગુણો આપણે જાણતા જ હોઈએ છીએ. એટલું જ નહીં, પણ આપણે એનાથી ઉજળા હોઈએ છીએ.

છતાં સંસારમાં એવું જોવામાં આવે છે કે પોતે કૂવામાં પડ્યા હોય ત્યારે વરત નાખીને જેણે બહાર કાઢ્યા હોય એનેય લોકો વીસરી જાય છે. કમ સે કમ જેનો આપણને પોતાને સારો અનુભવ હોય એને માટે બે સારા વેણ ઉચ્ચારવામાં જીભ કેમ થોથરાય છે? જેણે ખરે ટાણે તમારા દુઃખણા લીધા હોય એને કેમ ભુલાય? અને ચાઈનીઝ કહેવતમાંથીય શીખવાનું એટલું જ છે કે તમે કોઈની શ્રદ્ધાંજલિ સભામાં વખાણ કરવા સુધી જીભને રિઝર્વ ન રાખો. એમની હયાતીમાં જ એમને કહો, જેથી એમની બાકીની જિંદગીને એક સોનેરી કિનાર લાગે. કોઈને કંઈ રાષ્ટ્રપતિ એવૉર્ડની ઝંખના હોતી નથી અને સારા માણસોની સારપને તો કોઈના પ્રતિભાવનીય કંઈ પડી ન હોય.

પણ તમે બે સુવાક્ય બોલો તો એની સારપ વધે ને ઘટાટોપ થાય. તમને તડકામાં જેવો છાંયો મળ્યો એવો છાંયો એ જ વડલાથી અનેકને મળતો થાય. કોઈના સદગુણોને સન્માનથી જોવા એ એ જ ગુણોનું સિંચન કર્યા બરાબર છે. આજે જેટલી ઝાડવા વાવવાની જરૂર છે એટલી જ જરૂર શીતળ છાંયો આપે એવા સજ્જનોનીય છે. સજ્જનો વિના સમાજ ટકતો નથી. ઈરાક, સિરિયા અને અફઘાનિસ્તાનમાં સજ્જનોનો દુકાળ પડ્યો પછી જ એના ખરા પતનની શરૂઆત થઈ જે પતન હજુ પણ ચાલુ છે. આ જગત આખું પરસ્પરાવલંબિત છે. બધાને એકબીજાનો કોઈને કોઈ આધાર હોય અને એ જરૂરી પણ હોય. કોઈના દુઃખ કાયમ ટકતા નથી. નસીબ આડેનાં પાંદડાં તો હવાની એક લ્હેર સાથે ઊડી જતાં હોય છે. કદાચ કોઈને ટેકો કરવાનો મોકો મળે તો શાને એ મોકો જવા દેવો જોઈએ? એવા અવસરોય કંઈ પાછા મળતા નથી. હા, માણસની સજ્જનતા અને વ્યાવહારિક વિવેક જોઈ લેવા જોઈએ.

એ જો બરાબર હોય તો પછી એવા મોભને નજર સામે ભાંગવા ન દેવાય, કારણ કે કોઈનોય કાળ બદલાતા વાર લાગતી નથી. આપણી સંસ્કૃતિમાં કાળને કાળદેવતા તરીકે અમથા તો પૂજવામાં નહિ આવતા હોય. સંસારમાં કાળદેવતાના દૃષ્ટાન્તો ઊડીને આંખે વળગે છે. જેઓ સમયને માન આપતા નથી તેમની હાલત જે જોવા જેવી થાય છે તે આ કાળદેવને આભારી છે. ઘડિયાળ તો સહુને કાંડે ને સહુની ભીંતે હોય છે, પણ એને તલવારની ધાર માનીને જે ચાલે છે તે બધાય જંગ જીતે છે. કાળ ગમે ત્યારે ગમે ત્યાં પ્રવેશે છે. ભક્ત અને ભગવાન હોય કે પ્રસન્ન દાંપત્ય હોય. કોઈ બે ગાઢ મિત્રો હોય કે બંધુ બેલડી હોય તેમાંય ગમે ત્યારે કાળનો પ્રવેશ નિશ્ચિત છે. સુભાષિત કહે છે કે દંપતી તો નદીમાં વહેતા બે કાષ્ઠના ટુકડાઓ જેવા છે જે કાળના વહેતા પ્રવાહમાં તરતા તરતા થોડો સમય સાથે થઈ જતા હોય છે, પરંતુ કાળનો પ્રવાહ થોડોક જ આગળ જતા બંને જુદા-જુદા કાંઠે ફંગોળાઈ જાય છે. કુદરત પ્રત્યેનો સૌથી મહત્ત્વનો આદર એ છે કે જે જે કંઈ દેખાય છે એ બધું જ ક્ષણજીવી છે એ યાદ રાખવું. આમાનું કંઈ પણ ચિરંતન નથી. કોઈ વ્યક્તિ સનાતન નથી. ■

# સંગીતા પગથિયુ ચૂકી ગઇ, પગ એટલે જ લથડ્યો




લઘુ-નવલકથા

યોગેશ પંડયા



સંગીતા પગથિયુ ચૂકી ગઈ, પગ એટલે જ લથડયો.

'અરે! અરે! અરે! અરે!..હળવે સંગુ, હળવે! ગાડી કયાંય ચાલી જવાની નથી. ખાસ્સો દસ મિનિટનો હોલ્ટ છે !''

પાછળ જ ઉભેલા પતિ વિરેન્દ્રએ એનું બાવડુ પકડી લીધું. નહિતર સંગીતા ચોક્કસ નીચે જ પડી જાત. એ વિરેન્દ્રની મદદથી ચડી. પણ બારીમાંથી વાંકા વળીને જોયું તો, એ ચહેરો ગાયબ થઈ ગયો હતો.

''શું જુએ છે ?" વાજોવાજ પાછળ જ ચડેલા વિરેન્દ્રએ પૂછયું. સંગીતાએ ફરી એકવાર અછડતી નજર બારી બહાર ફેંકી લીધી, પણ તેની આશા ઠગારી નિવડી. એ આડું જોઈ જતા બોલી: 'હુ ચેક કરતી હતી કે ડબો બરાબર જ છે ને?"

''અરે મેડમ!' વિરેન્દ્રે હસીને કહ્યુ : 'ડબાની બહાર આપણા હુતાહુતીના નામ પણ લખાયેલા છે. કોઈ શક છે ? તું એવી જ રહી. ગ્રેજ્યુએટ સુધી ભણી તોય!' પતિએ કોમેન્ટ કરી: 'મગજનો કાટ ઉખાડ, થોડું અજવાળું થાય.'

'હવે એ નહી સુધરે અને હુ પણ!' પરાણે સ્મિત લાવવુ પડયું. 'હાશ' કહેતો વિરેન્દ્ર સીટ ઉપર બેસી પડયો. એ ઊભી રહી. મન તો કહેતુ હતું કે એક વખત ગાડીમાંથી નીચે ઉતરી જાઉં. ક્યાં ગયો એ?

આમ, અચાનક આવી રીતે? આવા વેશે એ મળશે? કલ્પના નહોતી કરી. એને જોઇને જ એ આંચકો ખાઇ ગઈ અને એટલે જ પગથિયું ચૂકી ગઈ. ધ્યાન એ તરફ ગયુ ને ભ્રમમાં ને ભ્રમમાં પગ લથડી ગયો.

એના ચહેરા પર પરસેવો વળી ગયો. વિરેન્દ્રએ તેની નોંધ લીધી. 'આર યુ ઓલરાઈટ?' એ ઝડપથી બોલી ગયો. 'તને તો પરસેવો વળી ગયો? આટલી ડિસેમ્બરની ઠંડીમાં ય...''

એની સામે ફરીવાર એ દ્રશ્ય આવી ગયુ : હા, એ રાજુ જ હતો. ચોક્કસ રાજુ ! એની આંખ હું ન ઓળખી કાઢું? ભલે ચડી ગયેલી દાઢી, લાંબી જટા, હાથમાં કમંડળ, દૂર્બળ દેહ, ગાલમાં ખાડા, નિસ્તેજ ચહેરો. પણ એની આંખો. ?

એ આંખો ઉપર તો એ ઓળઘોળ થઈ ગયેલી. એ આંખોએ જ કામણ કર્યા હતા ને ? સોળ વરસની બાલી ઉંમરે કોણ જાણે કેમ રાજુની આંખોએ પોતાને હરી લીધેલી. અગિયારમાં ધોરણમાં એ આવી. સોળમું ઉતરીને સતરમું બેઠું ત્યાં સુધીમાં તો ઘરેઘરે ખબર પડી ગયેલી કે સંગીતા અને રાજુ વચ્ચે તો ઇલુ ઇલુ ચાલે છે.! તે દિવસે સાંજે એ ઘરે પહોંચી ત્યારે પિતા બન્ને હથેળી ખજવાળતા ઊભા જ હતા. પોતે કંઈ સમજે કારવે એ પહેલા તો તમાચાની બોછાર વરસી ગયેલી. મા વચ્ચે પડી. બે-ચાર થપાટ એને ય વાગી પણ એની ત્રાડે પપ્પા સ્ટોપ થઈ ગયેલા.

'મારી નાખવી છે તો મારી નાખો જુઓ, છરી રસોડામાં જ છે. કરી દો બે-ચાર ઘા. એટલે એક વાત પતે.'

મારી આબરૂની ધૂળધાણી કરી નાખી.

વીસ વરસ પૂરા નથી થયા એ વાતને, જે દિવસે તમે ખૂદ દેવલને લઈને ભાગ્યા હતા. સાચ્ચુ કે? માએ પોતાની આંખ પિતા પર ઠેરવી: 'આ તો તમારા લોહીમાં ચાલ્યુ આવે છે. પોતાના વારસો ન રાખે તો કોણ પારકા રાખે ?

'આ મારૂ લોહી ન હોય ?'

'આ ઓરીજીનલ પ્રુફ છે.' મા તણખાઈ ગયેલી: 'હવે મારી આબરૂના ધજાગરા કરવા છે? શરમ છે કે નહી ?'

પિતા ચુપ થઈ ગયેલા. પોતાને ખોળામાં ઢબૂરી દીધેલી. બીજે દિવસે કહેલું :'એકવાર ભૂલ થઈ જાય બેટા, તારી ઉંમર જ એવી છે. તારો વાંક નથી. જીંદગીની સીડીમાં કયું પગથિયું જાહલ (નબળું) નીકળે એ કહી શકાતું નથી પણ બીજા પગથિયા હોયને? પકડી લેવાના'

'...પણ સંગુ, તું પગથિયુ એમ કેમ કરતા ચૂકી ગઈ. એ ખબર જ ન રહી. સારૂ થયુ કે હું પાછળ જ હતો નહિતર તો' - વિરેન્દ્ર પૂછતો હતો.

'હા... ' એ સ્વગત બબડી: ' અત્યારે તું, ત્યારે મા હતી. છુટી તો ક્યાં કોઈએ મૂકી જ છે?'

ગામની વચ્ચે આવતી નદી ગામના બે ભાગ પાડતી હતી. હાઈસ્કૂલ સામે કાંઠે હતી. બે ચાર છોકરા અને સાત-આઠ છોકરીઓ ભેગા મળીને જતા. એક્વાર શ્રાવણીયા સોમવારે બપોરે બાર વાગ્યે એ છૂટેલા. આજે કોઈ નહોતુ. પોતે અને માત્ર રાજુ. એ ઘણીવાર વિચારતી, સપના પણ એવા આવતા: 'પોતે અને રાજુ માત્ર બે જ જણ હોય, એકલું એકલું કયાંક ચાલ્યા જવાનું. તળાવને કાંઠે રાજુની અડોઅડ બેસવાનું, ઝાડવે ચડવાનું, રાજુના ખોળામાં માથુ રાખીને સૂઈ જવાનું કે પછી.. રાજુની આગળ બેસીને ઘોડા ઉપર ફરવા જવાનું. પોતે ક્યારે રાજુના નામનું પાનેતર ઓઢીને ચોરીમાં બેસશે? રાજુ ક્યારે પોતાના કોરા સેંથામાં સિંદૂર પૂરશે ? એની ભોળી ભોળી આંખોમાં સપના રમવા માંડેલા અને એક એવી જ શ્રાવણની ઘેઘૂર ગોરભાંચ્છાદિત બપોરે.. રાજુએ શુનું શું નહોતું કહયું પેલી નદીને કાંઠે ઊભા રહીને.. એ મુગ્ધતા તો નદીની પેઠે ક્યાની કયાય ચાલી ગયેલી. નદીની અંદર વહેતા પ્રવાહ જેવુ ચાર દિવસનું સુખ સપનુ બની દોડી ગયું, પ્રવાહોની વચ્ચે હોડી બનીને એ એને પકડવા દોડી પણ વ્યર્થ....

ગાડી તો ક્યારની ઉપડી ગઈ હતી. એ ખબર જ ન રહી. વિરેન્દ્રની આંખો બંધ હતી. એની ટેવ હતી. એને બોલવાની ટેવ જ નહોતી. જીંદગી શુષ્ક તો કદાચ આમ જ થઈ ગઈ હતી. બંને વચ્ચે કાળમીંઢ મૌન અથડાયા કરતું. કદાચ એકાદ સંતાન હોત તો એ પહાડ જેવડું મૌન આટલું બધું ભીંસેત નહીં, પરંતુ એય ઉપરવાળાને હાથ હતું ને!

એ કંટાળી ગઈ હતી. જીંદગીથી જ સ્તો! એમાં એક દિવસ વિરેન્દ્રએ કહ્યું 'હરિદ્વાર બાજુ જતાં આવીએ. કેમ લાગે છે? બોર થઈ ગયા હોય એમ નથી લાગતું? પણ નીકળી ત્યારે લાગતું હતું કે માઈન્ડ ફ્રેશ થશે. પણ આમ અચાનક વીતી ગયેલી જીંદગીનો ખોવાઈ ગયેલો સમયનો એક કાંટો આમ સામો મળશે એ નહોતું વિચાર્યું. ગાડી ઊભી રહી. તેણે જોયું તો વિરેન્દ્ર ઘસઘસાટ ઊંઘી રહ્યો હતો. એ ધીમે ધીમે નીચે ઉતરીને પાછળ ચાલવા લાગી. આ બાજુ વિરેન્દ્ર અચાનક જાગી ગયો:.જોયું તો સંગીતા નહોતી. તેને ફાળ પડી: અરે સંગીતા ક્યાં ચાલી ગઈ?..કોઈ સ્ટેશને ભૂલથી ઉતરી તો નથી ગઈને? કદાચ પાણી પીવા કે એમ ઉતરી હોય અને ટ્રેન ચાલુ થઈ ગઈ હોય..તો?..તો?? તેના કોમળ હૃદય ઉપર થડકો ઉઠ્યો.

આ તરફ, ઝડપથી એક પછી એક ડબ્બા વટાવતા, સંગીતા એક ડબ્બા પાસે અટકી ગઈ. એ જ મૂર્તિ એ જ -

' રાજુ...' સંગીતા એ ડબામાં ચડી. સાવ ખાલી ડબામાં એ એકલો સાવ બેઠો હતો. તે ભિક્ષુકની નજીક ગઈ અને તેનું બાવડુ પકડીને હચમચાવી કહ્યું : 'રાજુ....'

' નહીં... હું રાજુ નથી.'

'જુઠું બોલે છે. જૂઠું '

'દુનિયા તો જુઠ્ઠી છે.'

'સાચી વાત એ છે રાજુ. દુનિયા જુઠ્ઠી છે. પણ તું? તું આ ક્યા રસ્તે ચડી ગયો રાજુ?'

'આ જ તો બચ્યુ હતું મારી જીંદગીમાં. તું મને છોડીને ચાલી ગઈ પછી આ વેશ પહેર્યા સિવાય શું કરત? ન જીવી શકત ન મરી શકત...'

' પણ તારા માતા-પિતાનો વિચાર કર્યો છે? એ તારૂં મોઢું જોવા કેવા તડપે છે વર્ષોથી રાજુ! તું ચાલ્યો જા.. પાછો ચાલ્યો જા. આપણા પ્રેમના સમ છે તને રાજુ...'

રાજુની આંખમાંથી ટપ ટપ કરતા આંસુ ખરી પડયા.

સંગીતા કશું બોલે એ પહેલા વિરેન્દ્ર 'સંગીતા' 'સંગીતા' બૂમ પાડતો આવી પહોંચ્યો. આંખમાં આવેલી ભીનાશને લૂછતી એ ડબાના આગળના દરવાજેથી ઉતરવા લાગી.

' સંગીતા' વિરેન્દ્રએ વિહવળતાથી પૂછ્યું : તું ક્યાં ચાલી ગઈ હતી?

' બસ. એટલી વારમાં તમે મુંઝાઇ ગયા હતા? '

'હા સંગીતા તારી વગર તો એક ક્ષણ પણ હું જીવી ન શકું. તું છે તો જીવન છે તું નથી તો કશું નથી.'

'અરે, હું પાણી પીવા ઉતરી હતી અને ડબો ભૂલી ગઈ. તમે ચાલતા થાવ. હું આ બોટલ ભરીને આવું છું હોં..!"

'' હા, પણ હવે ડબો ભૂલી ન જતી અને થોડી ઉતાવળ રાખ. લે હું રાહ જોઉં છું..''કરતો કરતો હડફડ હડફડ કરતો આગળ વધ્યો.

સંગીતાએ પાછું ફરીને જોઇ લીધું. રાજુ કદાચ વિરેન્દ્રના શબ્દો સાંભળી ગયો હતો. એ નીચે ઉતરી ગયો અને પાછળની દિશામાં ચાલવા લાગ્યો.

સંગીતાએ પાછળ ફરીને જોયું તો રાજુ ભાંગેલ પગે ચાલ્યો જતો હતો. તે રાજુની કૃશ પીઠને સજળ નેત્રે તાકી રહી.

પરંતુ સંગીતા ઝાઝીવાર એ દ્રશ્ય જોઈ ન શકી. વિરેન્દ્ર પાછો ફર્યો હતો અને સંગીતાનો હાથ પકડીને પૂછતો હતો:" સંગુ, તું એ ડબામાં ચડી ત્યારે પેલો દાઢી જટાવાળો ભિખારી તને શું કહેતો હતો?'

' એ રસ્તો ભૂલી ગયો છે વિરેન્દ્ર. ઉલટી ગાડીમાં બેસી ગયો હશે. પૂછતો હતો કે બિહાર તરફની ગાડી ક્યારે મળશે?

'મેં રાહ જોવાનું કહ્યું.'

'સાચી વાત છે સંગીતા. ભૂલા પડેલા માટે તો રાહ જોવાની રહેને? કે સાચો રસ્તો ક્યારે મળશે!' કહેતો વિરેન્દ્ર ઉતાવળે પગલે ચાલવા લાગ્યો. એક છેડે વિરેન્દ્ર હતો. બીજે છેડે રાજુ. પોતે બંને વચ્ચે હતી. પોતાને થયું. પોતાને વિરેન્દ્ર સુધી પહોંચતા કેટલો સમય લાગશે? કોને ખબર ? એ વિરેન્દ્રની નજર ચૂકવીને ફરી પાછું ફરી. તો રાજુ હવે ટપકું બની ગયો હતો. ■

# "હવે નાસ્તો તૈયાર થઇ ગયો છે, આવી જા..."




ધારાવાહી નવલકથા

અમૃત પરમાર



તેવું દેખાઈ રહ્યું છે.

હા એ વાત તો પાકી થઇ ગઇ છે કે, નક્કી આ ત્રણ દિવસના ટૂંકા પ્રવાસમાં જ્યોતિ અને દામલ વચ્ચે કંઇક તો થયું જ હોવું જોઇએ, નહીંતર આમ....

વળી બા મનમાં મનમાં બોલવા લાગ્યા : ''જો આ બેય જણને મનમેળ થયો હોય તો ભગવાન ભોળાનાથનો ખૂબ ખૂબ પાડ ! અને આ બેયના લગ્ન થઈ જાય તો કેવું સારૂં...! પરંતુ બેમાંથી એકેય મોઢું ફાડીને વાત કરે તો..., પછી આગળ વાત ચાલે.''

બરાબર આ સમયે જ હિંડોળા પર બેઠી બેઠી જ્યોતિ પણ ઊંડાણથી વિચારી રહી હતી :

આ કમળાપુરમાં આવ્યાને દસ દિવસ પણ હજી પૂરા થયા નથી થયા ત્યાં તો કેટલું બધું ઝડપથી બની ગયું. હું તો હજી વિચાર કરતી હતી કે, કમળાપુરમાં જઇ, મારૂં જે લક્ષ છે, મારૂં જે ધ્યેય છે તેને કેવી રીતે પાર પાડીશ...? કંઇ કેટલાયે વિચારો કર્યા પરંતુ એક જ ઝટકે બધું જ સમુસૂતરૂં ગોઠવાઇ ગયું. આવતા વેંત સરળ અને નિષ્ઠાવાન એવા શાળાના આચાર્ય મગનભાઇ મળ્યા. ભાડાનું ઘર કે મકાન કે રૂમની ચિંતા આવા ગામડામાં વધારે હોય છે પરંતુ આ ચિંતા તો એક મિનિટમાં ટળી ગઇ. અતિશય લાગણીશીલ, ખૂબ જ ભાવુક અને સાવ ભોળો એવો સશકત યુવાન દામલ મળી ગયો અને તે પણ એક શિક્ષક જ ! અને સૌથી વધારે તો પ્રખર વ્યક્તિત્વ ધરાવતા સેવાભાવી, બીજાને હંમેશાં મદદ જ કરતા, સાચા અને નિષ્ઠાવાન એવા પ્રેમની જીવંત મૂર્તિ બા... મળ્યા.

બાની યાદ થકી જ્યોતિ ટટ્ટાર થઇ. વળી પાછા તેના વિચાર આગળ ચાલ્યા :

એ તો ઠીક પણ સાથે સાથે કુદરતને કરવું એટલે શૈક્ષણિક પ્રવાસ પણ ગોઠવાયો ને તેમાં જવા માટે બીજુ કોઇ નહીં... ફક્ત દામલ અને પોતે જ ! કેવા સારા સંકેત કહેવાય.

અને પછી પ્રવાસમાં તો... ન થવાનું ઘણું બધું થઇ ગયું. હા, એ પ્રવાસ દરમિયાન મેં જે કંઇ મેળવ્યું એમાં કદાચ થોડે - ઘણે અંશે મારો સ્વાર્થ હશે, એમાં હું ના નહીં કહું, પરંતુ મારામાંથી દામલે તો પેટ ભરીને ઘણું ઘણું મેળવ્યું છે ને ! એ તો આખી જિંદગીભર ભૂલી જ નહીં શકે.

આમ, આવા તો અનેક વિચારોમાં જ્યોતિની દ્રષ્ટિ દૂર દૂરનું ઘણું જોઇ રહી હતી. ત્યાં તો તેના કાનમાં બાના શબ્દો અથડાયા : ''હવે નાસ્તો તૈયાર થઇ ગયો છે, આવી જા...'' આ સાંભળતા જ્યોતિએ તેના પગ વડે હિંડોળાને ઊભો રાખ્યો. હિંડોળો સ્થિર થતાં જ્યોતિ ઊભી થઇ કે બરાબર એ સમયે જ દામલે ડેલીમાં પગ મૂક્યો. ડેલી ખૂલવાનો અવાજ થતાં જ્યોતિએ તેની ડોક જરા ત્રાંસી કરી એ તરફ જોયું. દામલે પણ જ્યોતિ સામે જોયું. બેઉંની નજર સામ સામે અથડાતાની સાથે જ સ્મિતના કૂમળાં ફૂલ ખરી પડયા. ને એમ જ ત્રાંસી નજરે દામલ તરફ જોતાં જોતાં જ્યોતિ રસોડામાં દાખલ થઇ. (ક્રમશઃ) ■

અહીંયા બીજી શેરીમાં શારદા નામની યુવાન છોકરી... પાંચ હાથ પૂરી. દેખાવે પણ સુંદર, રૂપાળું રૂપ અને તારી જેમ જ થાપા સુધી પહોંચતા લાંબા કાળા વાળ, એના પર બસ થઇ રહ્યું. તેના વાળ એવા ચોંટી ગયા કે... લોચો જ ! ભૂવા - ભારાડી પણ આવ્યા. કશું જ ન થયું. છેવટે બધા વાળ કાપવા પડયા. એટલું જ નહીં પણ એ વાળ કેરોસીનથી પણ ન સળગ્યા તે ન જ સળગ્યા. અંતે તેને ખાડો ખોદી દાટવા જ પડયા. અમારા ગામમાં આવું પણ બને છે. એટલે તો આવી હાલતમાં ઘર બહાર જવાની તને બા ના પાડી રહ્યા છે. બા સાચાં છે જ્યોતિ....'' દામલે વાત પૂરી કરી.

આવું સાંભળી જ્યોતિ તો ખરે જ ગભરાઇ ગઇ, તેને ડર પણ લાગ્યો એટલે તરત તેણે કહ્યું : ''બા, આમ ખુલ્લા વાળ રાખી હું કયાંય નહીં જાઉં બસ! અત્યારે તો થોડા ભીના ભીના છે એટલે...'' ત્યાં તો બાએ વળી વાત કરી :

''આ.... શારદાનો તને એક દાખલો આપ્યો. એવું તો આ કમળાપુરમાં ઘણા ઘણાને થયું છે. આપણે તો ચેતીને ચાલવાનું છે. ઘણી છોકરીઓ તો લગ્નમાં ચોરીના ચાર ફેરા ફરતી વખતે બેભાન થઇ જતી મેં જોઇ છે. આવું કરવા વાળા પણ હોય છે અને ગામડામાં તો દોરા - ધાગા - તાવીજનો તો પાર નથી.'' આટલું કહી બા અટકયા અને રસોડા તરફ જતાં જતાં બોલ્યો : ''હું હવે નાસ્તો તૈયાર કરૂં છું....''

બાના આવા શબ્દો તથા દામલનું પણ આવું કહેવું સાંભળી જ્યોતિ તો સાચે જ ડરી ગઇ. તેના શ્વાસ પણ વધ્યા, વળી મનમાં તો વિચારવા લાગી : ખરેખર ગામડામાં આવું બધું બનતું હશે ? આવું બધું સાચું હશે ? ખરેખર કોઇની નજર લાગતી હશે ? આમ આવા તો ઘણા ઘણા પ્રશ્નો જ્યોતિના મગજમાં ઊભરાવા લાગ્યા.

ત્યારે બા તો નાસ્તો બનાવવાની તૈયાર કરતા હતા. તૈયારી કરતા કરતા બા વિચારતા હતા કે જ્યોતિમાં કંઇક તો ફેરફાર થયેલો જ છે. તેનો ચહેરો પહેલા કરતા થોડો ફરી ગયો છે. લજ્જા અને લાલિત્યના ઋજુ પડળ તેના ગાલ પર ચડી ગયા છે. તો વળી દીકરો દામલ પણ પહેલા કરતા થોડો વધારે મોજમાં, આનંદમાં ને રંગીન મસ્તીમાં હોય

. આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# દિલ્હી સચિવાલયમાંથી કોઈપણ ફાઈલ બહાર ન લઈ જવા એલજીનો આદેશ

નવીદિલ્હી,તા.૮



દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ મોટી બહુમતી મેળવી છે. ભાજપે આમ આદમી પાર્ટી (આપ) ને દિલ્હીમાં જીતની હેટ્રિક બનાવતા અટકાવી દીધી છે. ભાજપ ૨૭ વર્ષ પછી અહીં સત્તામાં આવી છે. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલથી લઈને ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયા સુધી, બધા જ ચૂંટણી હારી ગયા છે.

દિલ્હીમાં સત્તા પરિવર્તનની લહેરને ધ્યાનમાં રાખીને, દિલ્હી સરકારના સામાન્ય વહીવટ વિભાગ (જીએડી) એ લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાના નિર્દેશો પર એક આદેશ જારી કર્યો છે. સચિવાલયના દસ્તાવેજોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરતા, તેમાં કહેવામાં આવ્યું છે કે વિભાગની પરવાનગી વિના દિલ્હી સચિવાલય પરિસરની બહાર કોઈપણ ફાઈલ, દસ્તાવેજ, કમ્પ્યુટર હાર્ડવેર વગેરે લઈ જઈ શકાશે નહીં. ઉપરાંત, મંત્રી પરિષદના તમામ વિભાગો, એજન્સીઓ અને કેમ્પ ઓફિસોને વિભાગની પરવાનગી વિના કોઈપણ રેકોર્ડ અથવા ફાઈલો દૂર ન કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. જેના કારણે આપની મુશ્કેલી વધી શકે છે.

# ઓગસ્ટથી અત્યાર સુધી બાંગ્લાદેશમાં જુદા જુદા હુમલાની ૧૫૨ ઘટનામાં ૨૩ હિન્દુઓના મોત

નવીદિલ્હી,તા.૮



સરકારે જણાવ્યું કે ઓગસ્ટથી અત્યાર સુધી બાંગ્લાદેશમાં ૨૩ હિન્દુઓના મોત અને હિન્દુઓ પર હુમલાની ૧૫૨ ઘટનાઓ સામે આવી છે. વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે લોકસભામાં એક સવાલના લેખિત જવાબમાં તે પણ કહ્યું કે છેલ્લા બે મહિના (૨૬ નવેમ્બર ૨૦૨૪થી ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ સુધી) દરમિયાન બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ હુમલાની ૭૬ ઘટનાઓ સામે આવી છે. તેમણે કહ્યું કે બાંગ્લાદેશમાં હિન્દુઓના મંદિરો પર હુમલાની ઘટનાઓમાં પણ હિન્દુઓના મોત થયા હતા. મંત્રીએ કહ્યું કે ભારત સરકારે બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ વિરુદ્ધ હિંસાની ઘટનાઓની નોંધ લીધી છે અને બાંગ્લાદેશ સરકાર સાથે તેની ચિંતાઓ શેર કરી છે. સિંહે કહ્યું કે કેન્દ્રએ બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય અલ્પસંખ્યકો વિરુદ્ધ હિંસાની ઘટનાઓ પર ધ્યાન આપ્યું છે અને બાંગ્લાદેશ સરકારની સાથે પોતાની ચિંતાઓ વ્યક્ત કરી છે.

# દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ આપની લાજ રાખી : કાલકાજીથી રમેશ બિધુરીને હરાવ્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૮

દિલ્હીના મુખ્યમંત્રી આતિશી કાલકાજીથી ચૂંટણી જીતી ગયા છે. તેમણે ચૂંટણીમાં ભાજપના રમેશ બિધુરીને હરાવ્યા છે. રાષ્ટ્રીય મહિલા કોંગ્રેસના પ્રમુખ અલકા લાંબા પણ ચૂંટણી હારી ગયા છે. માહિતી અનુસાર, સીએમ આતિશીએ ૩૫૦૦ થી વધુ મતોથી ચૂંટણી જીતી છે. ક્યારેક તે આગળ હતી તો ક્યારેક રમેશ બિધુરીથી પાછળ હતી. જોકે, અંતે તે જીતી ગયા હતા. ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલા આંકડા મુજબ, રમેશ બિધુડીએ સીએમ આતિશીને જોરદાર ટક્કર આપી હતી. એક સમયે એવું લાગતું હતું કે તેઓ ચૂંટણી જીતી જશે, પરંતુ છેલ્લા ત્રણ રાઉન્ડની ગણતરી દરમિયાન, આતિશીએ લીડ મેળવવાનું શરૂ કર્યું અને રોમાંચક સ્પર્ધામાં ચૂંટણી જીતીને આમ આદમી પાર્ટીનું સન્માન બચાવ્યું. હકીકતમાં, દિલ્હીના ભૂતપૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલ અને ભૂતપૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદીયા સહિત આમ આદમી પાર્ટીના ઘણા વરિષ્ઠ નેતાઓ ચૂંટણી હારી ગયા છે.

# આપ સરકારની હારના પાંચ મુખ્ય કારણો : ભ્રષ્ટાચાર, પાણી, ખરાબ રસ્તા અને એલજી સાથેનો ઝઘડો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૮



દિલ્હીમાં આમ આદમી પાર્ટીની હારના પાંચ મુખ્ય કારણો જોઈએ તો દિલ્હીની સત્તામાં ભ્રષ્ટાચાર નાબૂદ કરવાનું વચન આપીને અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રીની ખુરશી પર બેઠા હતા. જ્યારે અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી હતા, ત્યારે તેમના ઘણા મંત્રીઓ ભ્રષ્ટાચારના કેસમાં ફસાયા હતા અને તેમને રાજીનામું આપવું પડ્યું હતું. આ સાથે, અરવિંદ કેજરીવાલ પર દિલ્હીના મુખ્યમંત્રી હતા ત્યારે દારૂ કૌભાંડનો પણ આરોપ લાગ્યો હતો. અરવિંદ કેજરીવાલને મુખ્યમંત્રી હતા ત્યારે આ આરોપોને કારણે જેલમાં જવું પડ્યું હતું. અરવિંદ કેજરીવાલની સાથે, મનીષ સિસોદીયા અને સત્યેન્દ્ર જૈન પણ ભ્રષ્ટાચારના આરોપમાં જેલ ગયા. આના કારણે, સામાન્ય લોકોમાં આમ આદમી પાર્ટીની સ્વચ્છ છબી ભ્રષ્ટાચારમાં સંડોવાયેલી પાર્ટી તરીકે ઉભરી આવી. આ ચૂંટણીમાં હારનું આ પણ એક મોટું કારણ રહ્યું છે. દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર દરમિયાન લોકોને સૌથી મોટી સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો તે દિલ્હીના તૂટેલા રસ્તાઓ અને ગલીઓ છે. અરવિંદ કેજરીવાલે ક્યારેય પીએમ મોદી અને કેન્દ્ર સરકારના કામની પ્રશંસા કરી નથી. દિલ્હીમાં કેજરીવાલની હારનું આ પણ એક મોટું કારણ બની ગયું છે.

# સાઉદી અરેબિયાનો ભારત સહિત ૧૪ દેશોના મલ્ટીપલ-એન્ટ્રી વિઝા પર પ્રતિબંધ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૮

જો તમે સાઉદી અરેબિયા જવાનું વિચારી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે મહત્વપૂર્ણ છે. સાઉદી સરકારે ભારત અને પાકિસ્તાન સહિત ૧૪ દેશોના પ્રવાસીઓ માટે મલ્ટીપલ-એન્ટ્રી વિઝા પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે. હવે આ દેશોના લોકોને ફક્ત સિંગલ-એન્ટ્રી વિઝા મળશે, જે ૩૦ દિવસ માટે માન્ય રહેશે. આ નવો નિયમ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી અમલમાં છે. સાઉદી સરકારનું કહેવું છે કે હજ યાત્રાળુઓને પરવાનગી વિના જતા અટકાવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે, જેથી હજ યાત્રાને વધુ સારી રીતે નિયંત્રિત કરી શકાય. સાઉદી અરેબિયાએ ૧૪ દેશોના મુસાફરો માટે મલ્ટીપલ એન્ટ્રી વિઝા પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે. હવે, આ દેશોના નાગરિકો ફક્ત સિંગલ-એન્ટ્રી વિઝા મેળવી શકશે, જે મહત્તમ ૩૦ દિવસ માટે માન્ય રહેશે. આ નવો નિયમ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી અમલમાં છે.

# ભાજપની જીતથી દિલ્હીના ખેડૂતોને પીએમ કિસાન યોજના હેઠળ વાર્ષિક રૂપિયા નવ હજાર મળશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૮



દેશની રાજધાની દિલ્હીમાં ૨૭ વર્ષ પછી ભાજપની સરકાર બનવા જઈ રહી છે. સરકાર બન્યા પછી, રાજધાની દિલ્હીના લોકો ભાજપ દ્વારા તેમના ચૂંટણી ભાષણો અને ઢંઢેરામાં આપવામાં આવેલા વચનો પર નજર રાખશે. ભાજપે વચન આપ્યું હતું કે જો દિલ્હીમાં તેમની સરકાર સત્તામાં આવશે, તો પીએમ કિસાન યોજના હેઠળ નોંધાયેલા ખેડૂતોને ૬,૦૦૦ રૂપિયાને બદલે વાર્ષિક ૯,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. આનો અર્થ એ થયો કે દર ચાર મહિને, જ્યારે દેશના બાકીના ખેડૂતોને ૨,૦૦૦ રૂપિયા મળે છે, ત્યારે દિલ્હીના ખેડૂતોને ૩,૦૦૦ રૂપિયા મળશે. દિલ્હી વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન ભાજપે ઘણી જાહેરાતો કરી હતી. તેમાંથી એક જાહેરાત દિલ્હીના ખેડૂતો માટે પણ હતી. ભાજપે પોતાના ચૂંટણી ઢંઢેરામાં કહ્યું હતું કે દિલ્હીના કોઈપણ ખેડૂત જે પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ નોંધણી કરાવશે, તેને ભાજપ સરકાર દ્વારા વર્ષમાં ૯,૦૦૦ રૂપિયા આપવામાં આવશે.

# અલાસ્કામાં વિમાન દુર્ઘટનામાં પાયલટ સહિત ૧૦ લોકોના મોત

(એચ.એસ.એલ),ઉનાકલીટ,તા.૮

અલાસ્કામાં એક વિમાન દુર્ઘટના સર્જાઈ છે, જેમાં વિમાનમાં સવાર તમામ ૧૦ લોકો માર્યા ગયા છે. પ્લેનનો કાટમાળ અલાસ્કામાં દરિયાઈ બરફ પરના ટુકડાઓમાં મળી આવ્યો હતો. થીજી ગયેલા બરફ હેઠળ મૃતદેહોની શોધ ચાલુ છે. કાટમાળની અંદરથી ત્રણ મૃતદેહો મળી આવ્યા છે. પશ્ચિમ અલાસ્કાના ઉનાકલીટથી ટેકઓફ કર્યા બાદ ગઈકાલે પ્લેન ગુમ થઈ ગયું હતું અને નોમ શહેરમાં ઉતરવાનું હતું, પરંતુ રસ્તામાં તે અકસ્માતનો ભોગ બન્યું હતું. યુડી કોસ્ટ ગાર્ડના પ્રવક્તા માઈક સાલેર્નોએ અકસ્માત અને જાનહાનિની પુષ્ટિ કરી છે. તેણે જણાવ્યું કે પ્લેન ક્રેશ થયું છે. તેનો કાટમાળ મળી આવ્યો છે. મૃતદેહની શોધ માટે બે તરવૈયાઓને બર્ફીલા પાણીમાં ઉતારવામાં આવ્યા છે. વિમાનમાં સવાર તમામ ૯ યાત્રીઓ અને પાયલટના મોત થયા છે. બેરિંગ એરના સિંગલ-એન્જિન ટર્બોપ્રોપ વિમાને ૧૦ લોકો સાથે ઉડાન ભરી હતી.

# દિલ્હી ચૂંટણીમાં હાર બાદ પણ કોંગ્રેસ માટે આશ્વાસન : બે ટકા વોટશેર વધ્યો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૮



દિલ્હીમાં સત્તાનું ચિત્ર હવે સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગયું છે. દિલ્હીમાં ભાજપ પ્રચંડ બહુમતી સાથે સત્તામાં પાછી ફરવામાં સફળ રહી, જ્યારે આમ આદમી પાર્ટીનો સફાયો થઈ ગયો છે. દિલ્હીના રાજકારણમાં કોંગ્રેસ ફરી એકવાર ખાતું ખોલાવવામાં નિષ્ફળ ગઈ છે. આ રીતે, કોંગ્રેસને દિલ્હીમાં ચોથી વખત કારમી હારનો સામનો કરવો પડ્યો છે. આ પછી પણ કોંગ્રેસ કેમ ખુશ છે અને કેજરીવાલની હારને પોતાના માટે સારા સમાચાર કેમ માની રહી છે? દિલ્હીમાં ૧૫ વર્ષથી સત્તામાં રહેલી કોંગ્રેસ ત્રીજી વખત એક પણ બેઠક જીતી શકી નથી. કોંગ્રેસના મોટાભાગના ઉમેદવારો પોતાની ડિપોઝીટ પણ બચાવી શક્યા નથી. દિલ્હીમાં હાર પછી પણ કોંગ્રેસ વિજેતા તરીકે ઉભરી રહી છે. દિલ્હીમાં કોંગ્રેસની મત ટકાવારી વધી છે. ૨૦૨૦માં કોંગ્રેસને ૪.૫ ટકા મત મળ્યા હતા, પરંતુ ૨૦૨૫માં તેને ૬.૩૮ ટકા મત મળ્યા હતા. દિલ્હીમાં કોંગ્રેસના મતમાં બે ટકાનો વધારો થયો છે, બે ટકાના આ તફાવતને કારણે આમ આદમી પાર્ટીએ ઘણી બેઠકો ગુમાવી છે.

# મોગલ મા માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૪૬મા સર્વ જ્ઞાતિય સમૂહલગ્ન યોજાશે

ચલાલા,તા.૦૮

મોગલ મા માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૪૬મા સર્વ જ્ઞાતિય સમૂહલગ્ન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સમૂહલગ્ન કાર્યક્રમમાં દરેક દીકરીઓના લગ્ન વિનામૂલ્યે કરવામાં આવશે. ઈચ્છુક વર-કન્યાઓના વાલીઓએ જરૂરી દસ્તાવેજો સાથે રૂબરૂ મુલાકાત કરવાની રહેશે. ફોર્મ ભરવા માટે જન્મ તારીખનો દાખલો, રેશન કાર્ડ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, વર/કન્યાના બે ફોટા આપવાના રહેશે.ટ્રસ્ટનો મુખ્ય ઉદ્દેશ્ય છે કે દરેક દીકરીઓને વધુને વધુ કરિયાવર સામગ્રી મળી રહે. ફોર્મ ભરવાની સંખ્યા મર્યાદિત હોઈ, વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ ભરી શકાશે. વધુ વિગતો માટે ૯૪૦૮૨ ૭૮૮૫૩, ૯૪૨૮૨ ૮૧૦૧૪, ૯૮૭૯૪ ૬૩૪૪૩ પર સંપર્ક કરવાનો રહેશે. તેમ આયોજકો દ્વારા જણાવાયું છે.

# ધામળેજમાં ૨૩મો સમૂહલગ્ન સમારંભ યોજાયો : ૪૫ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા પાડ્યા

ગીર સોમનાથ,તા.૦૮



ધામળેજ મુકામે ૨૩મો સમૂહ લગ્ન સમારંભ યોજાયો, જેમાં ૪૫ નવદંપતીઓ લગ્નબંધનમાં બંધાયા હતા. સમારંભમાં સુત્રાપાડા કોળી સમાજના પ્રમુખ દેવેન્દ્રભાઈ સોલંકી, માજી શિક્ષણ સમિતિ ચેરમેન ધીરુભાઈ સોલંકી, રિટાયર ACF રાજુભાઈ વંશ, અને પાધેશ્વરી આશ્રમના મહંત કરસનદાસ બાપુ ઉપસ્થિત રહ્યા હતા. સમૂહલગ્ન સમિતિ દ્વારા દરેક દંપતીને મેરેજ સર્ટિફિકેટ આપવામાં આવ્યું. દાતાઓ દ્વારા કન્યાઓને ભેટસોગાદ આપવામાં આવી. રાજુભાઈ વંશે અંધશ્રદ્ધા અને શિક્ષણ પર વક્તવ્ય આપ્યું. આ આયોજન ગામના સરપંચના પ્રતિનિધિ ઓધળભાઈ, સમિતિ પ્રમુખ જેસીંગભાઈ વાળા, ઉપપ્રમુખ જસાભાઈ વાળા અને અન્ય આગેવાનો દ્વારા સંભાળવામાં આવ્યું હતું. સમૂહલગ્ન સમિતિએ મહેમાનોનું પુષ્પહારથી સ્વાગત કર્યું હતું. દર વર્ષે ધામળેજ ગામે કોળી સમાજ દ્વારા સમૂહલગ્ન યોજાય છે.

# હાથીપગા રોગના નિર્મૂલન માટે ૧૦થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન 'સામૂહિક દવા વિતરણ કાર્યક્રમ' યોજાશે

**ચાર તાલુકામાં અંદાજે ૫.૪૬ લાખથી વધુ નાગરિકોને સાવચેતી માટે દવા અપાશે**

ડાંગ,તા.૦૮

ગુજરાત સરકાર ફાઈલેરિયા એટલે કે, 'હાથીપગા રોગ'ને નાબૂદ કરવા ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન 'માસ ડ્રગ એડમિનિસ્ટ્રેશન' એટલે કે સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનો બીજો તબક્કો હાથ ધરશે. 'હાથીપગા રોગ મુક્ત ગુજરાત'નું નિર્માણ કરવા કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૭ સુધીનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. આ અભિયાન ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં, નર્મદા જિલ્લાના નાંદોદ અને ડેડીયાપાડા તેમજ ડાંગ જિલ્લાના વઘઈ એમ ચાર તાલુકામાં યોજાશે. જેમાં અંદાજે ૫.૪૬ લાખથી વધુ નાગરકોને હાથીપગા રોગના કૃમિનો વ્યક્તિના શરીરમાંથી નાશ કરવા માટેની દવા (ડી.ઈ.સી. અને આલ્બેન્ડાઝોલ) આરોગ્ય કાર્યકર/ દવા વિતરક ધ્વારા રૂબરૂમાં ગળાવાશે.

# ધોરાજી શાક માર્કેટ ૬ વર્ષથી બિસ્માર હાલતમાં, ખુલ્લામાં શાકભાજી વેચવા વેપારીઓ મજબુર

**નવી શાકમાર્કેટ આગળ ગંદકીના ગંજ ખડકાયા**

ધોરાજી,તા.૦૮



ધોરાજી નગરપાલિકા દ્વારા બનાવાયેલ નવી શાક માર્કેટ છ વર્ષથી ખુલવાની રાહ જોઈ રહી છે. કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ થયેલી માર્કેટ આજ સુધી વેપારીઓને સોંપવામાં આવી નથી, જેના કારણે વેપારીઓ મેદાનમાં ઝૂંપડા બાંધી શાકભાજી વેચવા મજબૂર છે. શાકભાજી વેપારીઓ હેરાનગતિમાં મુકાયા છે, કારણ કે ચોમાસામાં પાણી ભરાઈ જાય છે, રખડતા ઢોર સમસ્યા ઊભી કરે છે અને ગ્રાહકો ખાસ કરીને મહિલાઓ અહીં શોપિંગ કરવા ડરે છે. આંબીયા માર્કેટ જર્જરિત હાલતમાં પહોંચી છે, છતના પતરા ઉડી ગયા છે અને ગટરના ઢાંકણાં તૂટી ગયા છે. ચીફ ઓફિસર જયમાલ મોઢવાડિયા મુજબ, માર્કેટનું મૂલ્યાંકન પૂર્ણ થયું છે અને ઉચ્ચ અધિકારીઓની મંજૂરી બાદ દુકાનો વેપારીઓને સોંપાશે. સરકારના હુકમ છતાં વિલંબ થઈ રહ્યો છે, જે સ્થાનિકો માટે નિરાશાજનક છે.

# આજે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બીજી વન-ડે, પીચમાંથી સ્પીનરોને મદદ મળવાની શક્યતા

કટક,તા.૦૮



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ત્રણ મેચની વનડે શ્રેણીની પહેલી મેચ નાગપુરના વિદર્ભ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં ટીમ ઈન્ડિયાએ ૪ વિકેટથી જીતી લીધી હતી. હવે બંને ટીમો વચ્ચે શ્રેણીની બીજી મેચ ૯ ફેબ્રુઆરીએ કટકના બારાબતી સ્ટેડિયમમાં રમાશે. ટીમ ઈન્ડિયા લગભગ ૬ વર્ષ પછી આ મેદાન પર વનડે મેચ રમશે. આવી સ્થિતિમાં, બધાની નજર કટક સ્ટેડિયમની પીચ પર છે કે બેટ્સમેનો સારું પ્રદર્શન કરશે કે બોલરો પોતાનું જોશ બતાવશે. છેલ્લી વખત જ્યારે ટીમ ઈન્ડિયા અહીં મેચ રમી હતી, ત્યારે તેઓએ ૩૧૬ રનના લક્ષ્યનો સફળતાપૂર્વક પીછો કર્યો હતો.જો આપણે બારાબાતી સ્ટેડિયમની પીચ વિશે વાત કરીએ, તો અહીં બેટ્સમેનોનો જાદુ જોઈ શકાય છે. તે જ સમયે, સ્પિનરોનો જાદુ જોઈ શકાય છે, જેમાં બોલ થોડો જૂનો થયા પછી, સ્પિનરોને પીચમાંથી થોડી મદદ મળી શકે છે, આવી સ્થિતિમાં, વચ્ચેની ઓવરોમાં રન બનાવવા બેટ્સમેન માટે ચોક્કસપણે થોડી મુશ્કેલ બની શકે છે. જો આપણે પ્રથમ ઈનિંગ્સમાં સરેરાશ સ્કોર વિશે વાત કરીએ, તો તે ૨૨૭ થી ૨૩૨ રનની વચ્ચે જોવા મળ્યો છે.

# થરાદ તાલુકનાં ખેગારપુરા ગામ પાસે મજૂરો પર રેતી ભરેલો ટ્રક ખાબકતા ચારનાં મોત



બનાસકાંઠા, તા.૦૮

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના ખેગારપુરા ગામે આજે એક હૃદયદ્રાવક દુર્ઘટના સામે આવી છે. રોડની બાજુમાં નાળાંની કામગીરી દરમિયાન કામ કરી રહેલા ચાર મજૂરો પર અચાનક રેતી ભરેલો ટ્રક ધસી પડતાં તેઓ માટી નીચે દટાઈ ગયા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ તમામ મજૂરો દાહોદ વિસ્તારના વતની છે. જેમાં ૧ બાળક સહિત ચારના મોત થયા છે. ખેગારપુરા ગામે રોડની બાજુમાં નાળાંની કામગીરી દરમિયાન આ દુર્ઘટના સર્જાઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક વહીવટી તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. ઘટનાસ્થળે ૧૦૮ એમ્બ્યુલન્સ સાથે થરાદ પોલીસ પણ પહોંચી ગઈ હતી.

# સુરતમાં હિટ એન્ડ રનની ઘટના : નબીરાએ ૧૩૦ કિ.મી.ની ઝડપે કાર ચલાવી ૬ ને કચડ્યા, બેનાં મોત

(એચ.એસ.એલ),સુરત,તા.૮



સુરતમાં હિટ એન્ડ રનની ઘટના બનવા પામી છે. જેમાં પૂરઝડપે આવી રહેલ કારે ડિવાઈડર કૂદીને ૫ વાહનોને અડફેટે લીધા હતા. જ્યારે કારની અડફેટે આવેલા ૨ લોકોના મોત નિપજ્યા હતા. લસકાણા વાલક અબ્રામા રિંગરોડ પર આ ઘટના બનવા પામી હતી. કારમાં ચાર લોકો હતા. જેમાં એક યુવતી અને ત્રણ યુવાનોનો સમાવેશ થાય છે. પોલીસ દ્વારા આ સમગ્ર મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સુરતના આઉટર રિંગ રોડ પર લસકાણા વાલક અબ્રામા બ્રિજ પર મોડી રાત્રે સર્જાયેલ હિટ એન્ડ રનમાં કાર નં. જી.જે.૦૫ આરએફ ૦૩૧૭ નાં ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ડિવાઈડર કૂદીને રોડની અન્ય તરફ પહોંચી જતા અકસ્માતની વણઝાર સર્જાઈ હતી. કાર ચાલકે સામેથી આવી રહેલ કુલ પાંચથી છ જેટલા લોકોને અડફેટે લીધા હતા.

આ ગમખ્વાર અકસ્માતમાં બે સગા ભાઈ કમલેશ બાલુભાઈ સાપોલિયા (ઉ.વર્ષ. ૪૨) અને અશ્વિનભાઈ બાલુભાઈ સાપોલિયા (ઉ.વર્ષ.૪૮) ને સારવાર મળે તે પહેલા જ મોત થવા પામ્યું હતું. જ્યારે અન્ય ચાર ઈજાગ્રસ્તોની હાલત ગંભીર હોઈ તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા.

# અમદાવાદમાં હાટકેશ્વર બ્રિજ કૌભાંડ મામલે ૭ અધિકારીઓ સામે અંતે કાર્યવાહી

અમદાવાદ,તા.૮

અમદાવાદ શહેરમાં સૌથી વધુ ચર્ચાસ્પદ એવા હાટકેશ્વર બ્રિજ કૌભાંડ મામલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૭ એન્જિનિયર અધિકારીઓને શો કોઝ નોટિસ પાઠવતા કોર્પોરેશનમાં ખળભળાટ મચી ગયો છે. વિજીલન્સ તપાસમાં અધિકારીઓની બેદરકારી સામે આવતા શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે. અમદાવાદમાં હાટકેશ્વર બ્રિજમાં માત્ર ૫ જ વર્ષમાં પુલ ખરાબ થવા લાગ્યો હતો. ગાબડા પડતા, વાહનચાલકોને જીવનું જોખમ હતું તેથી તેના સમારકામ અંગે પણ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. આ મામલે પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. તપાસનીશ અધિકારીઓને કોન્ટ્રાક્ટર અજય એન્જિનિયરિંગ ઈન્ફ્રા. પ્રાઈવેટ લિમિટેડ દ્વારા બ્રિજ બનાવવાની કામગીરીમાં શંકા ઊભી થઈ હતી. બાદમાં ગુણવત્તાયુક્ત બ્રિજ બનાવવામાં આવ્યો ન હોવાનું સાબિત થતા પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી. બ્રિજના નિર્માણકાર્યમાં ટેસ્ટ રિપોર્ટ પણ સંતોષકારક ન હોવાનું જણાતા નોટિસ ફટકારવામાં આવી છે.

# અમદાવાદમાં ટ્રાન્સપ્લાન્ટેશન અપડેટ-૨૦૨૫ કોન્ફરન્સનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં હસ્તે પ્રારંભ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૮



અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્રાન્સપ્લાન્ટેશન અપડેટ કોન્ફરન્સ-૨૦૨૫નો શુભારંભ કરાવ્યો હતો તેમજ પ્રત્યારોપણ અંગેના અત્યાધુનિક રોબોટનું લોકાર્પણ કર્યું હતું. આ તકે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનના 'વિરાસત ભી, વિકાસ ભી' મંત્રને યાદ કરતાં કહ્યું કે આજે આપણને ટેક્નોલૉજીની દૃષ્ટિએ જે નવીન લાગે છે એવી અનેક વિરાસત આપણી પાસે, આપણાં પુરાણોમાં પડેલી છે. આ માટે તેમણે ગણેશજીનું ઉદાહરણ આપતાં કહ્યું કે પુરાણોમાં દર્શાવેલી આ ઘટના પણ ટ્રાન્સપ્લાન્ટેશનનું જ ઉદાહરણ છે. આપણે આ વિરાસત સાચવવાની છે તેમ મુખ્યમંત્રીએ દૃઢપણે જણાવ્યું હતું. પટેલે કહ્યું કે આપણાં પુરાણોમાં તમામ રોગોના ઉપાયો દર્શાવ્યા છે જ, આજે તેને નવી ટેક્નોલૉજીની મદદથી ઉજાગર કરવાનો સમય છે. આજે વડાપ્રધાનના નેતૃત્વમાં દેશમાં અને ગુજરાતમાં મેડિકલ ટૂરિઝમનો વિકાસ થઈ રહ્યો છે, ત્યારે રાજ્ય સરકાર આ ક્ષેત્રે તમામ સહાય કરવા માટે કટિબદ્ધ છે તેમ જણાવી મુખ્યમંત્રીએ ઉમેર્યું કે લોકો ભારતમાં આવે અને અહીંથી કંઈક શીખીને જાય એવો વારસો આપણે જાળવી રાખવાનો છે.

# દક્ષિણ આફ્રિકામાં ભરૂચના ૩ યુવાનોના મોત નિપજ્યા : પરિવારમાં શોકનો માહોલ

(એચ.એસ.એલ),ભરૂચ,તા.૮

ગુજરાત અને દેશભરમાંથી દર વર્ષે હજારો યુવાનો અને યુવતીઓ અભ્યાસ અને નોકરી માટે વિદેશ જાય છે, ત્યારે ગુજરાતના ભરૂચના ત્રણ યુવાનો રોજગારની શોધમાં દક્ષિણ આફ્રિકા ગયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ત્રણ યુવાનો કામ પર જઈ રહ્યા હતા ત્યારે દક્ષિણ આફ્રિકાના હાઉડસ્પ્રાઈટ નજીક તેમની કાર એક મીની બસ સાથે અથડાઈ હતી. આ સમગ્ર ઘટનામાં કારમાં અચાનક આગ લાગી ગઈ અને ભરૂચના ત્રણ યુવાનો દાઝી જવાથી મૃત્યુ પામ્યા હતા. ભરૂચના ત્રાલસા કોઠી ગામના યુવાનો શહેજાદ ભાગ્યશાલી, સુફિયાન ભાગ્યશાલી અને મુસ્તકીમ દેસાઈ રોજગારી અર્થે સાઉથ આફ્રિકામાં સ્થાયી થયા હતા. તેઓ કારમાં અન્ય ત્રણ યુવાનો સાથે કામ અર્થે જઈ રહ્યા હતા ત્યારે દક્ષિણ આફ્રિકાના હાઉડસ્પ્રાઈટ નજીક મીની બસ સાથે કાર ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત બાદ કારમાં આગ લાગતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

# શંકરસિંહ વાઘેલાને સુરત સર્કિટ હાઉસમાં એક કપ ચા માટે કલાક રાહ જોવી પડી

(એચ.એસ.એલ),સુરત,તા.૮



અંધેર વહીવટનું વધુ એક ઉદાહરણ સુરતમાં જોવા મળ્યું છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાને કલાકો સુધી તડપાવ્યા હોવાનું બહાર આવતા અંદરોઅંદર સર્વિસ કરનાર નોકરની બદલી કરી દેવાની માગ ઉઠી છે. સુરત શહેરમાં લક્ઝુરિયસ સર્કિટ હાઉસમાં રામભરોસે કારભાર ચાલી રહ્યો હોવાનો પૂર્વ મુખ્યમંત્રીને કદાચ આજીવન યાદ રહી જાય તેવો અનુભવ થયો છે. રાષ્ટ્રપતિથી લઈને મુખ્યમંત્રી જે સરકારી આવાસ સર્કિટ હાઉસમાં રોકાણ કરે છે તેનો ખરાબ અનુભવ મંત્રીને થતાં રેઢિયાર કામગીરી સામે આવી છે. ૬ ફેબ્રુઆરીએ પૂર્વ સી.એમ. સુરત એક કાર્યક્રમમાં આવ્યા હતા, સવારે ૮ વાગ્યે તેમણે ચાનો ઓર્ડર આપ્યો હતો. કલાક થઈ જતા ચા ન આવતા તેમણે સ્વયં રસોડામાં જઈને પૂછપરછ કરી હતી. છેલ્લે એક કલાક બાદ તેમને ચા મળતાં કાર્યક્રમમાં જવાનું પણ મોડું થઈ ગયું હતું. અંદરના સૂત્રોનું કહેવું છે કે મંત્રીને કડવો અનુભવ થયા બાદ તાત્કાલિક મેનેજરની બદલી કરી દેવી જોઈએ.

# રાજકોટમાં વકફ બોર્ડનાં નામે દુકાનમાં તોડફોડ કરનાર ફારૂક મુસાણીની ધરપકડ

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૮



રાજકોટમાં ભાજપ કાર્યકર પર છ ડિવિઝન પોલીસના ચાર હાથ હોવાનું સામે આવતા ખળભળાટ મચી ગયો છે. ફારૂક મુસાણીએ વકફ બોર્ડના નામે દુકાનમાં ઘૂસી તોડફોડ કરી હતી. જોકે, દુકાન ખાલી કરાવવાના આરોપી મુસાણી પર પોલીસે કોઈ કાર્યવાહી ન કરાતા ગૃહમંત્રીને અપીલ કરાઈ હોવાનું જાણવા મળ્યા બાદ બે આરોપીઓની ધરપકડ થઈ છે. રાજકોટ શહેરના મોચી બજારમાં મકાનમાં ગેરકાયદેસર કતલખાનું ચલાવવાનું સામે આવતા ગૌ-પ્રેમીએ મુસાણીના કતલખાના સામે અરજી કરી હતી. આ મામલે પોલીસે કાર્યવાહી પણ શરૂ કરી હતી. મુસાણી સામે ૧૭ તારીખે ગૌ-પ્રેમીએ પોલીસ મથકે જઈ અરજી કરી હતી. પોલીસે સ્થળ પર જઈ સેમ્પલ લઈ એફએસએલ માટે મોકલ્યા હતા. ફોરેન્સિક રિપોર્ટ સામે આવતા રિપોર્ટમાં ગૌમાંસ હોવાનું સામે આવ્યું છે. ગત ૩ ફેબ્રુઆરીના રોજ એફએસએલ રિપોર્ટ આવ્યો હતો તેમ છતાં છેક ત્રણ દિવસ બાદ પોલીસે મુસાણીની સામે ગુનો નોંધ્યો હતો. ગુરૂવારે રાત્રે ગુનો નોંધાયા બાદ અંતે ફારૂક સહિત બેની ધરપકડ કરાઈ છે.

# ગુજરાત હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં ઠંડીનું જોર વધવાની કરી આગાહી

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૮

ગુજરાતમાં હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં ઠંડીનું જોર વધવાની આગાહી કરી છે. ઉત્તર પૂર્વથી પૂર્વની દિશામાં પવન રહેતા ઠંડીમાં આંશિક ઘટાડો થયો છે. નલિયામાં સૌથી ઓછું ૭.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે, અમદાવાદમાં ૧૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪.૨ ડિગ્રી તાપમાન, કંડલામાં ૧૧.૩ ડિગ્રી, ડીસામાં ૧૧.૮ ડિગ્રી તાપમાન, રાજકોટમાં ૧૩.૩ અને કેશોદમાં ૧૩.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે, સુરેન્દ્રનગરમાં ૧૫ ડિગ્રી, ભુજમાં ૧૩.૭ ડિગ્રી તાપમાન રહ્યું છે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યું કે, પશ્ચિમી વિક્ષેપ આવવાને લીધે હવામાનમાં પલટો આવશે. રાજસ્થાનના ભાગોમાં એક સાઈક્લોનિક સર્કુલેશન રચાશે. બંગાળના ભાગમાં એક એન્ટી સાયક્લોન બનશે. બંગાળ ઉપસાગર અને અરબ સાગરના ભેજને કારણે દેશના ઉત્તરીય પૂર્વિય ભાગોમાં વાદળો પહોંચશે. આ પછી પશ્ચિમી વિક્ષેપો આવશે. આમ એક પછી એક પશ્ચિમી વિક્ષેપોના કારણે દેશના હવામાનમાં પલટો આવશે. આ સાથે ગુજરાતના હવામાનમાં પણ પલટો આવી શકે છે. આઈએમડીએ આગામી ૪ દિવસમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ધીમે ધીમે વધારો નોંધ્યો છે, પરંતુ આગામી ૨૪ કલાકમાં સમગ્ર મહારાષ્ટ્ર અને ઉત્તરપશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થયો નથી.










